[illegible]

મુદ્રક :
[illegible]

પ્રાપ્તિસ્થાન :
શાકુંતલ, માનવમંદિર રોડ,
વાલકેશ્વર, મુંબઈ–૬
ફોન : ૩૬૫૯૫૦

પ્રગટ તારીખ :
૫ નવેમ્બર, ૧૯૭૨

મૂલ્ય : ૪–૦૦

જેઓ મહાન માનવ હતા, જીવનનાં ઉમદા તત્ત્વોથી ભરપૂર
હતા, અનોખી વાત્સલ્યમૂર્તિ અને પવિત્ર સંસ્કારધામ
હતા તે તીર્થસ્વરૂપ, પુણ્યપુરુષ પૂજ્ય પિતાશ્રી

ચંપકલાલ સી. દાદભાવાળા

ને નમ્ર અંજલિરૂપે

યશવંત ચંપકલાલ દાદભાવાળા

ધન્યવાદ

શ્રી યશવંતભાઈ દાદરાવાળાને મળવાનું સૌભાગ્ય હમણાં જ મળ્યું. તેમના નમ્ર, નિખાલસ અને મિલનસાર સ્વભાવથી તથા સમાજમાં મૂળભૂત વિચારક્રાંતિ લાવવાની તેમની ધગશથી મારું મન પ્રસન્નપણે પુલકિત થયું. તેઓશ્રીએ આ પુસ્તક-પ્રકાશનમાં પ્રેમાળ સહકાર આપ્યો છે. સમાજમાં તેમના જેવા ઉચ્ચ, સંસ્કારી અને સ્નેહસભર સજ્જનો વધુ સંખ્યામાં હોય તો જરૂર સમાજનું સંસ્કારધોરણ ઊંચે આવે.

તેઓશ્રીને અનેક ધન્યવાદ......

વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ

લેખક તરફથી

ભ. મહાવીર વિષે લખનાર હું કોણ? ઘુવડ સૂર્યને જોઈ શકતા નથી તેમ મહાયોગીઓ પણ પરમાત્માનું સામાન્ય સ્વરૂપ પણ પામી શકતા નથી એમ પૂ. વિનોબાજી કહે છે. છતાં આશ્રમવાસી કોઈ કેવળ કહે છે તેમ પરમાત્મા મહાવીર વિષે વિચારતાં જ અંતરંગ ઊછળે છે. આજે તો એમનો જીવનસંદેશ વિસરાયો રહ્યો. તેમની આજ્ઞા જ આપણો ધર્મ છે.

ભગવાન મહાવીરનો જીવનસંદેશ એ છે કે જૈન કોઈ સાંપ્રદાયિક વ્યક્તિ નથી. તે કોઈ પંથ કે વાડાની પેદાશ નથી. ભગવાને શીખવાડ્યું કે જૈન એટલે જીતનાર. જિ ધાતુમાંથી 'જૈન' શબ્દ આવ્યો છે, જેનો અર્થ જીતવું તે થાય છે.

જૈનને કોઈ હરાવી શકતું નથી. દુઃખ આવે ત્યારે તે પામર બની ઢીલું થતો નથી. દુઃખને તે જીતે છે તેટલું જ નહિ પણ સુખને પણ તે જીતે છે. રાગ અને દ્વેષને જીતે છે. મોહની આંધળી પ્રક્રિયા દ્વારા થતા જડ પરમાણુને તેની એ આગવી ચાદરીમાં નાખી નાંખે છે. ગરીબાઈ તેને ડરાવતી નથી, મુંઝવતી નથી, દીનહીન ચાટતો કરતી નથી, તેમ શ્રીમંતાઈ તેને ઉછાળતી નથી, આસમાનમાં ઝુલાવતી નથી, મૂઢ મસ્તાન બનાવતી નથી. ગરીબાઈને તે જીતે છે તેમ શ્રીમંતાઈને પણ તે સ્વસ્થ પ્રસન્નતાથી જીતે છે. જે કદાપિ હરાવી ન હારે અને સર્વત્ર સર્વદા જીતે તે જૈન એ વીરતાનું સૂત્ર વીર પ્રભુએ તેમના જીવનસંદેશરૂપે આપ્યું.

જૈનનું આ વીરત્વ જગાડવા ભગવાને વિશ્વવ્યવસ્થા, વિશ્વવિધાન અને વિશ્વવ્યવસ્થા સમજાવ્યા. આપણી જ્ઞાનદૃષ્ટિ જાગ્રત કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ આપી. જીવન અને વિશ્વ પ્રત્યે જાગેલો જૈન એ સમજી શકતો નથી કે આવડું વિરાટ ચેતન ટચૂકડા અણુની એડી નીચે કેમ ચગદાય છે–કચડાય છે. ચેતન તેનો આત્મપરિચય ગુમાવી બેઠો છે. નિજમાહાત્મ્ય સમજ્યો નથી. વિકાસક્ષેત્રે પોતાની અનંત શક્યતાઓનું તેને ભાન નથી.

એકવાર સ્વશક્તિઓને અપ્રગટમાંથી પ્રગટ કરવાની જવાબદારી સમજાય તો પછી યુદ્ધ શરૂ થતા પહેલાં જ પૂરું થઈ જાય, કારણ શત્રુના ટુકડા થઈ જાય. પૂ. ઉપાધ્યાયજી લખે છે તેમ.

'અપને ખ્યાલ પલકમેં ખેલે
કરે શત્રુકા ભૂગ'

આત્મસ્વરૂપના સૌન્દર્યની એક જ ઝાંખી, એકાદ ઝલક આવી–પોતાનો ખ્યાલ આવ્યો કે મોહનું મેદાન જીતી લીધું.

'વાચક જશ કહે મોહ મહા અરિ
જીત લીયો હૈ મેદાનમેં'

આત્મસૌન્દર્યની આ ઝલક ઝાંખી ભ. મહાવીરના જીવન પ્રસંગોના સ્વાધ્યાયમાંથી આવે છે. ભ. મહાવીરના જીવનની કથા આપણા આત્માની અનંત શક્તિઓ અને અમર્યાદ સૌન્દર્યનું ભાન કરાવે છે. ભ. મહાવીરનું નામ માત્ર આત્માનું આત્મા સાથે આત્માનુસંધાન કરાવે છે. પછી આપણી અર્થવાસના, કામવાસનાનું ઊર્ધ્વીકરણ થાય છે આપણો ચેતનના કોઈ ઊર્ધ્વ ઘરમાં મંગલપ્રવેશ થાય છે–જ્યાં ભય નથી, ઉદ્વેગ નથી, પરાજય નથી; છે માત્ર વિજય–બીજના ચંદ્ર જેમ વિસ્તરતો આત્મોન્નતિના ક્ષેત્રે સર્વત્ર દિગ્વિજય ભ. મહાવીરનું જીવન આવા સતત વિસ્તરતા વિજયનું જ મંગલસ્તોત્ર છે. આથી જ તો તેમનું નામ વર્ધમાન હતું. તેમના અનુયાયી પણ સદા

વિજયમાળા વરનાર બને—જો ભગવાનના જીવનનો સાચો મર્મ આત્મસાત કરે તો.

સૌ કોઈને ભ. મહાવીરની કરુણાદૃષ્ટિ જીવનમાં ફળો અને અમરયૌવન અને ચિરઉલ્લાસ મેળવી સદા સર્વ કાંઈ જીતનાર સૌ બનો તે પરમાત્મા પ્રત્યે પ્રાર્થના!

પાછળ ભ. મહાવીરના પ્રસંગો અત્યંત સાદી ભાષામાં વિવેચન કર્યા વિના લખ્યા છે જેથી વાચક તે ઉપર સ્વતંત્ર મૌલિક ચિંતન કરી શકે. આ અલ્પપ્રયાસ વાચકોને ભ. મહાવીર પ્રત્યે ભક્તિ જગાડવામાં સહાયરૂપ થશે તો મારી જાતને કૃતકૃત્ય માનીશ.

શુદ્ધિપત્રક : ખંડ ૨

પાનું	લીટી	ભૂલ	સુધારો
૧૦	૧૪	સર્મણા	કર્મણા
૧૧	૧૨	ભગવાન તો... ...બેઠા હતા	ભગવાનની સર્વજ્ઞ વાણીનું ખંડન કરવા ૩૫૦ ઉપરાંત વિરોધી મતો યુદ્ધનું આહ્વાન આપી તંબૂ તાણી બેઠા હતા.
૧૨	૨૧	સેંટ જોન બનીને	સેંટ જોન
૨૫	૧	ફરી જીવવા	ફરીને જીવવા
૨૮	૬	સહાયે	સદાય
૩૧	૪	પાયો હટાઇ	પાયો ધ્યાઇ
૩૧	૯	ધરતી	ઘાતી
૩૨	૮	પાયા હટાયા	પાયા ધ્યાયા

[illegible]

સર્વેષાં વેધસામાદ્યમ્
આદિમં પરમેષ્ઠિનામ્
દેવાધિદેવં સર્વજ્ઞમ્
શ્રી વીરં પ્રણિદધ્મહે

જ્ઞાનીઓમાં મુખ્ય, પરમેષ્ઠિમાં મુખ્ય, દેવાધિદેવ સર્વજ્ઞ મહાવીરનું અમે ધ્યાન ધરીએ છીએ.

*

શ્રીમતે વીરનાથાય સનાથાયદ્ભુતશ્રિયા
મહાનંદ સરોરાજ મરાલાયાર્હતે નમઃ

અદ્ભુત આત્મલક્ષ્મીથી ઓપતા વીર સ્વામીને નમું
જેઓ મહાઆનંદરૂપી સરોવરમાં રાજહંસ જેમ વિચરે

ભ. મહાવીરની દૃષ્ટાંતકથા

(નાયા ધમ્મકહા)

ભ. મહાવીરની દૃષ્ટાંતકથાઓમાં (નાયા ધમ્મકહા) માં બે ઈંડાંની વાત આવે છે.

બે મિત્રોએ નક્કી કર્યું હતું કે મોરનાં બે ઈંડાં લાવી તેમાંથી જ્યારે મોર નીકળે ત્યારે તેને તાલીમ આપી કમાવા. બે મિત્રોમાં એક શ્રદ્ધાળુ હતો અને એક શંકાશીલ હતો.

શંકાશીલ મિત્ર રોજ મોરનું ઈંડું ખખડાવે—જોવા મોરનો ગર્ભ કેટલો વૃદ્ધિ પામ્યો છે! રોજરોજ ઈંડું હલાવવાથી ઈંડું નિર્જીવ થયું. જે શ્રદ્ધાળુ મિત્ર હતો તેને તો વિશ્વાસ હતો કે નિશ્ચિત સમયે ઈંડામાંથી મોર બહાર આવવાનો જ છે.

ચંદ્રમાં પહોંચશું ત્યારે" શ્રદ્ધાના આ ગણિત વડે જ સાધનાનો પ્રાતાગફૂવો ફૂટી નીકળશે મોરના ઈંડામાં શ્રદ્ધાવાળાની શ્રદ્ધા અંધશ્રદ્ધા નહોતી પરંપરાગત (sentimental) પણ નહોતી પણ વૈજ્ઞાનિક શ્રદ્ધા (scientific faith) હતી. હકીકત ઉપર, નરી વાસ્તવિકતાના ગણિત ઉપર તે શ્રદ્ધા ઊભી થઇ હતી. વિજ્ઞાનનો એ દાવો છે કે તે હકીકતો (Facts) ઉપર ઊભું છે, તો ધર્મનો તો એથી વધુ જોરશોરથી દાવો છે કે તે નિસર્ગનાં મહાસત્યોરૂપી શાશ્વત હકીકતો ઉપર ઊભું છે.

મંદિરમાં દેવદર્શને જઈએ, ગુરુવંદન કરીએ કે શાસ્ત્રનું શ્રવણ, મનન, અધ્યયન કરીએ ત્યારે અખૂટ જીવંત શ્રદ્ધાથી – આત્મવિશ્વાસના રણકારપૂર્વક આપણું રૂંવાડે રૂંવાડું એ પોકારતું હોય કે મારો મોક્ષ અચૂક છે પ્રતિપળ કશુંક અસામાન્ય અદ્ભુતપણે સુંદર મારામાં સર્જાઇ રહ્યું છે, જે મોક્ષનો જ આકાર લઇ રહ્યું છે.

આ શ્રદ્ધા જ માનવમનનિર્મિત સૌથી મહાન ચમત્કાર છે.

શિષ્ય ગૌતમ અને ગુરુ ભ. મહાવીર

[illegible]

તે ભવાત્મા તે જ ભવે મોક્ષે જતો.

જ્ઞાન આવવાનો સાચો માર્ગ ગુરુ-શિષ્યનો આવો આદર્શ સંબંધ છે. આજે આપણામાં જ્ઞાનને પ્રવેશવાનું આ મર્મદ્વાર બંધ થઈ ગયું છે. ગુરુ શિષ્યના સંબંધ જેવું રહ્યું નથી./ગુરુ અનુકૂળ હોય તો શિરે.માન્ય, પ્રતિકૂળ થયા કે અસરાઈ ઉપર ધૂળભેગા કરી દો.

મોહની ચકરાણીથી અહં આ કાવતરું કરી રહ્યો છે અને તમે છો ત્યાં જ રહો છો.

ગુરુ શિષ્યના સૂક્ષ્મ સાહજિક અને વિનયમૂલક સંબંધ વિના સાધના કોઈ પણ પ્રકારે શકય નથી. જ એમ કહે કે મારે યોગ્ય ગુરુ નથી તે પ્રચંડ અહંકારી છે. શિષ્યત્વ તૈયાર કરો! ગુરુ બારણા ખટખટાવતા સામા આવશે "મારા ગુરુ બેઠા છે અને હું ઉપયોગ મૂકું?" ગૌતમસ્વામીએ આવી વિનમ્ર ચિંતવના કરી જીવનમાં કયારેય ઉપયોગ મૂકયો નથી. ભગવાનને જ પ્રશ્નો પૂછયા છે. ભગવાનના મુખેથી વધુમાં વધુ વાર ગૌતમનું નામ નીકળ્યુ! આદર્શ ગુરુના આદર્શ શિષ્યનું આ કેવું પરમ સૌભાગ્ય! ગુરુની આજ્ઞા થતાં જ શ્રાવક આનંદને મિચ્છામિ દુક્કડં આપવા સામા ગયા. એવો ઘમંડ ન કર્યો કે ભગવાનનો હું મુખ્ય શિષ્ય! એક શ્રાવકની સામે પગલે ક્ષમા માગવા જાઉ? ગામમાં શુ વાત થશે? ભગવાનનું રાતદિન પડખું સેવ્યું તેનું આ ફળ ભગવાને મને આપ્યું? આ ગુરુ મારા માનસિક બંધારણને ફીટ (fit) નહિ થાય. ગુરુ મારે બદલવા પડશે. ગોનનો સ્ટવ ચાલ્યો તો ઠીક નહિ તો દુકાન દારને પાછો, એવી વીસમી સદીની મનોદશા ત્યાં નહોતી.

ગુરુ - શિષ્યનો સંબંધ પતિપત્ની કરતાં પણ વધુ

ઈંદ્રની વિમાસણ

સ્વર્ગપતિ ઇન્દ્રે સાચી ભાવનાએ વિનતિ કરી કે 'પ્રભુ! આ ભરત ખંડ [illegible] બન્યો છે. વિધવિધની [illegible] આત્મશક્તિઓ [illegible] આપો તેમ!

'હે [illegible]! આપ [illegible] મને [illegible] કે આ [illegible] હું આપની [illegible] અને આપ નિશ્ચિંત [illegible] કરો!'

પરમકૃપાળુ દેવાધિદેવે શાંત [illegible] અને [illegible] કહ્યું, 'હે ઇન્દ્ર! [illegible] નથી. [illegible] આપનામાં [illegible]

લોહીના ઝાડા તે તેજોલેશ્યાને પરિણામે થઈ ગયા. ભક્તજનોના અતિ આગ્રહથી હવા માટે સુશ્રાવિકા રેવતીને ત્યાંથી કોળા-પાક વહોરવા શિષ્યને કહે છે.

રેવતી એવા ભાવથી તે કોળાપાક ભગવાનની ઔષધિ નિમિત્તે વહોરાવે છે કે તે આવતી ચોવીશીમાં તીર્થંકર નામ-કર્મ બાંધે છે! પાત્રમાં કોળાપાક વહોરતાં પૂરી પાંચ મિનિટે નહિ થઈ હોય! પણ તે નાનકડી ક્રિયા પાછળ જે અનુપમ ભાવોલ્લાસ અને અકલ્પ્ય વીર્યોલ્લાસ હતો તેનાથી તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃત્તિ બાંધી દીધી! ધર્મ કેટલો સાદો, સરળ અને સોહામણો છે અને કેટલું વિરાટપણે શુભ પરિ-ણામ લાવી દે છે! અર્થશાસ્ત્રનો નિયમ છે કે નાનકડા પ્રયત્ને મોટું ફળ–પરિણામ લાવો. (Maximum result with minimum effort) રેવતી મહાન અર્થશાસ્ત્રી આ અર્થમાં નીવડી ભ. મહાવીર પ્રત્યે રેવતીના મનમાં કેવો ભક્તિભાવ વર્ષોથી ઊછળતો હશે, વૃદ્ધિ પામતો હશે, રોજરોજ નિતનવીન ગહનતા પામતો હશે તેનો ખ્યાલ આ પ્રસંગથી થોડોક તો આવી શકે છે. ભક્તિનું કેવું પ્રચંડ બળ છે, જે સૃષ્ટિનું શ્રેષ્ઠ ફળ ચપટી વગાડતાં લઈ લે છે તે સત્ય સુશ્રાવિકા રેવતીનું આ શ્રેષ્ઠ ઔષધિદાન આપણને સમજાવે છે.

[illegible]

(નિજેલ છે)

'[illegible] બચી [illegible] બાપ !'

મહાવીરસ્વામીનો આ જ આનંદ છે. ધર્મદાસને [illegible]

તડ ઊભી નાખ્યું !

ઇન્દ્ર બોલી ઊઠ્યો, '[illegible]'

* [illegible] !

અને કેવું અચરજ, બીજા એ ગોશાળક હતા.

જો ગોશાળક ન હોત તો મહાવીરસ્વામી મહાવીર હતા તે પણ આપણે કેમ જાણત ?

લુહારના અપશુકન!

પ્ર. મહાવીર એક લુહારની કોઢશાળામાં ધ્યાનસ્થ હતા. ધ્યાન પૂરું થતાં તેઓ બહાર નીકળ્યા ત્યાં જ કોઢશાળાનો માલિક લુહાર સામો મળ્યો. લુહારનો પિત્તો ગયો. છ મહિનાની માંદગી પછી પથારીમાંથી માંડ ઊઠ્યો હતો, આજે જ તે કોઢશાળામાં પ્રવેશતો હતો ત્યાં મૂંડના અપશુકન થયા માનીને પ્રભુ મહાવીરને મારવા હથોડાની ગદા ઉગામી!

હે માનવી! આ તારું કેવું અજ્ઞાન! તારી સામે પ્રભુ છતાં તું તેને ઓળખી શકતો નથી, અપનાવી શકતો નથી, તેની અર્ચના અને ઉપાસના કરી શકતો નથી. ભગવાન દૂર હોય છે ત્યારે તું તેની મૂર્તિ બનાવી પૂજે છે, અને જીવતાજાગતા નજીક આવે છે ત્યારે હથોડાની ગદા મારવા ત્યાં જાય છે!

ભગવાન બુદ્ધ વેદ-પ્રણાલીનું ખંડન કરવા રૂપે ઉપરાંત વિરોધી મતોને ખુલ્લું આહ્વાન આપી તંબુ તાણી બેઠા હતા,

પણ ભગવાનને કોઈ મત સ્થાપિત કરવો નહોતો, પરમત ખંડન કરવું નહોતું, વેપારી જેમ માત્ર નેવનો નહોતો.

અનંત કરુણાથી પ્રેરાઈ તેમને ડૂબતાને કિનારે લાવવા હતા. વૃદ્ધાવસ્થા, રોગ અને મૃત્યુમાંથી પ્રાણીમાત્રને છોડાવવા હતા. નિગોદના અનંત દુઃખમાંથી છોડાવી સિદ્ધશિલાના અનંત સુખમાં ધકેલવા હતા.

ભગવાન કોઈ નફાખોર વેપારી નહોતા. વિશ્વકરુણાથી છલકાતી સૌ કોઈની આધ્યાત્મિક માતા હતા. આ વિશ્વની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ ચાલુ રહે તે માટે તેઓનું અનંત પુણ્ય વિશ્વતંત્રને દાનમાં આપી દીધું.

કોઈકે લખ્યું છે તેમ ધર્મના આપણે બે ભાગ કર્યા છેઃ એક સહેલો ભાગ અને બીજો અઘરો ભાગ. સહેલો ભાગ આપણે આચરવા માંડીએ છીએ અને ધર્મધુરંધર હોવાની પ્રતિષ્ઠા પામીએ છીએ અને અઘરા ભાગને અંધારા ખૂણામાં હડસેલીને આત્મવંચનાની ચાદર નીચે સંતાડી દઈએ છીએ.

આજે ભગવાન મહાવીર પણ આવીને એ ધર્મનો અઘરો ભાગ અપનાવવાનો આદેશ આપે તો ભગવાનને કહી દઈએ કે અમે તમને ઓળખતા જ નથી! આજે ધર્મ તે આત્મવંચનનો પર્યાય પ્રાયઃ થઈ રહ્યો છે.

બર્નાર્ડ શૉ લખતા કે સેંટ જોનને સંત તરીકે મૂર્તિદ્વારા પૂજનાર વર્ગ આજે સેંટ જોન બનીને ફરી જન્મવા આવે તો તેઓ તેને ફરીને જીવતા બાળવાના છે. જનસમૂહનો મુખ્ય ધર્મ દંભમાં સ્વાર્થપુષ્ટિ અને શિથિલાચારનો રહ્યો છે! વિશિષ્ટ વ્યક્તિઓ જ વિશિષ્ટ વ્યક્તિઓને પીછાને છે. ભ. મહાવીરના ભક્તો

વિષે આવું તો ન લખી શકાય, પણ તેમના જીવનસંદેશનો આદરસત્કાર કેટલો થાય છે તે તો કેવલી જ જાણે! ભગવાનને જાણવા અને માનવા માટે ભક્ત બનવું પડે. માત્ર મંદિરમાં આવ-જા કરવાથી ભક્ત બનાતું નથી. ભક્તિથી ભક્ત બનાય છે અને આંસુથી ભક્તિ થાય છે. ખડખડાટ હાસ્ય ઉપહાસના આ કૃત્રિમ જમાનામાં ભક્તિનાં બે આંસુ લાવશું ક્યાંથી?

ભ. મહાવીર અને કટપૂતના વ્યંતરી

માઘ મહિનાની ઠંડી એકચક્રી શાસનનો વિજયધ્વજ ફરકાવી રહી હતી. ભ. મહાવીર નિશ્ચલ ધ્યાનમુદ્રામાં સ્થિર હતા. તેમને ન તો ઠંડી હતી, ન તો ગરમી. ન તો સ્થળ હતું, ન તો કાળ. તેમને ન તો મારું હતું ન તો તારું. ન શરીર હતું, ન મન. સર્વ દ્વંદ્વોની પેલી પાર એકત્વની મહાશાંતિમાં તેઓ સમાધિસ્થ હતા.

ત્યાં તો કટપૂતના વ્યંતરીએ તેઓને જોયા. પૂર્વભવનું વેર જાગૃત થયું. પૂર્વના કોઈ જન્મમાં ભગવાનની તે અણમાનીતી રાણી હતી. અન્યાયની સિતમઝડીએ તેનો બરડો તોડી નાખ્યો હતો! આ એ જ મહાવીર! કટપૂતના વ્યંતરીએ વેર લેવાનો મોકો ઓળખ્યો અને માઘ મહિનાની એ કડકડતી

ઠંડીમાં અનેક મહાવીર ઉપર હિમવર્ષાએ શીતળ જળની વૃષ્ટિ ચાલુ કરી.

ભગવાનની સમાધિ એમ તૂટે તો તે મહાવીર શેના!

'આ મારી અણમાનીતી રાણી હતી. તેને મેં કેટલું કેટલું દુઃખ પૂરું આપેલું. જે બીજાને દુઃખ આપે છે તેને દુઃખ સિવાય પોતાને માટે મળે પણ શું? બબૂલ અને એરંડા વાવીને મોગરા-ચંપા ઊગવાની આશા શી?' કર્મવાદનો ઊંડો મર્મ જેમની જીવનદૃષ્ટિમાં વણાયો છે તે ભગવાન શાંત-સ્થિર ચિત્તે ધ્યાનગંગામાં ગરકાવ હતા. આ સમભાવના શાન્ત રંગથી તેઓને પરમાવધિજ્ઞાન થયું. અવધિજ્ઞાનથી સમગ્ર લોક તેઓ જોઈ શકતા. આ અવધિજ્ઞાન આવીને પાછું જતું નથી. ગુરુ-માનીને નદીમાં ફેરવી નાખનાર આ કેવો બાંધારા વેપારી? આપણે પણ કર્મવાદના જીવંત દૃષ્ટાંતરૂપ આ કટપૂતના વ્યંતરીનો પ્રસંગ વિચારી મહાવીરના સમભાવનો પાઠ લઈએ. દુઃખ આવે ત્યારે, દુઃખ લાવનાર તો નિમિત્ત છે, દુઃખદ પરિસ્થિતિ આપણી જ અશુભ વૃત્તિનો પડઘો છે, પૂર્વેનું દેવું ચૂકવી લેણાદેણી સરભર થાય છે. આજનો શત્રુ આપણા તરફથી અન્યાય પામેલ, અને આપણા જ સ્વાર્થ-ક્રૂરતાથી ઘાયલ-જખમી થયેલ પૂર્વનો લેણદાર છે – આ જાતની કર્મવાદની વિચારણા આપણને શાંત અને સ્થિર બનાવી રાખે તો ભગવાનના આધ્યાત્મિક સંતાન ગણાઈએ ખરા. સુખદુઃખમાં સમભાવની તુલ્યવૃત્તિ જ મહાવીરતા છે, કર્મનિર્જરાનું શ્રેષ્ઠ સાધન છે, એ વાત મહાવીરકથાનું પ્રત્યેક વાક્ય પુકારી પુકારીને કહે છે.

ભ. મહાવીરની અંતાતપરંપરા

અનંતની સૃષ્ટિનાં પાત્રો

જે અનંતની યાત્રાએ આપણે સૌ નીકળ્યા છીએ તે 'અનંત'ની સૃષ્ટિનાં પાત્રો વિષે અહીં લખવા ધારું છું. 'અહં'ની ભૂમિકા પરથી અનંતનું દર્શન કરવું કેટલું વિષમ છે? અને છતાં વિષમ છે એટલે કાંઈ હાર થોડી ખવાય છે? સાડાત્રણ હાથના દેહમાં આ 'અનંત' છુપાયો છે. મૂઠીભર હૃદયમાં તે ક્યાંક સંતાયો છે. ચાર ઈંચની ખોપરીના બુદ્ધિ-તંત્રમાં તે અટવાયો છે. એ 'વિરાટ' શરીર, બુદ્ધિ, ને હૃદયની સીમા ઓળંગ્યે જ સમજાય છે. છતાં અહીં તેને સમજવાનું એક અમોઘ સાધન રજૂ કરું છું. અનંતની સૃષ્ટિનાં પાત્રો દ્વારા એ વિરાટતાનું સંવેદન અનુભવીએ. આ ઉજ્જડ પ્રદેશના નિર્ભેળ એકાંતમાં એ અમર પાત્રોને વારંવાર મળવાનું થાય છે

ને તેમનો પરિચય હૃદયના રંગે ભીંજાય છે.

આજે તો આ પાત્રો જ્ઞાનભંડારની આપણી પોથીઓમાં ખોવાઈ ગયાં છે. આ રેશમી પોટલીઓ ઉઘાડી, એ ગ્રંથનાં પાનાં હાથમાં લઈ, આંખ, બુદ્ધિ ને હૃદય તેમાં પરોવીને તે પાત્રોને આપણે ઓળખવાં છે. હૃદયની એકલસૃષ્ટિમાં તે પાત્રોને જીવતાંજાગતાં ને રમતાં કરવાં છે. જૈનકથાઓના સાત્ત્વિક નાયકો લોકજીવનમાં ભળી જશે ત્યારે, જે અંધારો ખાડો આપણી નજર સામે છે ત્યાં ગૌરીશિખરની મસ્ત ઊંચાઈ દેખાશે; અવાવરા ઘરની ભીષણતા છે ત્યાં સંગીતશાળાનો દિવ્ય રણકાર સંભળાશે, એક નવું સ્વપ્ન, નવું ગીત ને નવું ચેતન મળશે.

આવો ત્યારે અહીંની મારી પુણ્યાત્માઓની વસતિ બતાવું. આ માત્ર કાલ્પનિક પાત્રો નથી; માત્ર ઐતિહાસિક વિગતો નથી; આ જીવતીજાગતી સૃષ્ટિ છે. કાળના વિષમ થરો ભેદીનેય તેમની શીતળ ફૂંક આપણું લોહી ફરતું કરે છે, હૃદય ધબકતું રાખે છે ને આંખમાં તેજ પૂરે છે. મારું તો માનવું છે કે જેમ જેમ સમય જાય છે તેમ તેમ અનંતની સૃષ્ટિનાં એ પાત્રો વધુ ને વધુ જીવંત થતાં જાય છે, કારણ, અનેક શ્રદ્ધાળુ ભક્તોની ભાવાંજલિથી તેઓ વધુ ને વધુ પ્રતાપી બનતાં જાય છે.

અહીં આવી તેઓની પ્રત્યે મેં મિત્રતાનો હાથ લંબાવ્યો છે. મિત્રતાની સમાન ભૂમિકા તો ક્યાંથી હોય? છતાં તેમની નિઃસીમ સહૃદયતાએ મારામાં પ્રેમ પ્રગટાવ્યો છે. હું તેમનો મિત્ર બનવા ચાહું છું. ચરણમાં મસ્તક ઝુકાવવા કરતાં મિત્રતાથી ખભા પર હાથ મૂકવામાં ઓર મજા છે. તેઓના મિત્ર થવું તે મારું ઊંડામાં ઊંડું સ્વપ્ન છે. હજુ લાયક નહિ હોઉં તો રાહ જોતાંય હું કંટાળીશ નહિ. પ્રતીક્ષામાં કાવ્યરસ કેટલો

ભર્યો છે?

હવે તમને બહાર બહુ ખોટી નહિ કરું. અંદર આવો. અહીં જેમની પાસે હું રાતદિવસ રહું છું તે મારા ગુરુજનો-મહાવીરની સંતતિ-ની એ પુણ્યગંગાને નજીકથી વહી જતી બતાવું. Abstract Truths–સૂક્ષ્મ સત્યોથી જે કંપનો-Vibrations ક્યારેક પેદા નથી થતાં તે મારી ખાતરી છે કે સચિત્ર રસસૃષ્ટિ (Pictorial–Gallery)થી થશે. આ The Great Beyondની શ્રુંગારીઓ તો જુઓ.

મારી વિચારશય્યા પર અર્ધો-મલિત દૃષ્ટિએ હું સૂતો છું. મારી બાજુમા શોભનમુનિ બેઠા છે. હું તેમને હવે સારી રીતે પિછાનતો થયો છું. શોભન-સ્તુતિ રચવામાં એવા તો મસ્ત હતા કે કોઈએ પાતરામાં પથ્થર વહોરાવ્યો તેનું યે તેમને ભાન ન રહ્યું. અનંતતામાં તેઓ ખોવાયા હતા. તેમની પાસે જ બેઠેલ છે ધનપાલ કવિ! તેનું ધર્મગૌરવ તો જુઓ! ભોજરાજાને સાફસાફ કહી દે છે કે 'ક્યાં ભોજ ને ક્યાં ભરત! ક્યાં ઋષભ ને ક્યાં હરિ! ક્યાં ધારા ને ક્યાં વિનિતા! ક્યાં સરસવ ને ક્યાં મેરુ, ક્યાં કાગડો ને ક્યાં રાજહંસ, ક્યાં ચણોઠી ને ક્યાં સોનું!' કવીશ્વર ધનપાલની આ નિર્ભય ઉપમા હું જ્યારે જ્યારે વિચારું છું ત્યારે મને દૃઢપણે લાગે છે કે આ સુકી ધરતીના કઠણ પથ્થરો પર તે નહોતો વિચરતો, તે તો અનંતની સૃષ્ટિનો વ્યોમવિહારી ગરુડ હતો. આ શોભનમુનિ ને ધનપાલના કાલ્પનિક સહવાસમાં મેં કેટલોય સમય મન પ્રસન્ન કર્યું છે. અમારી આ ત્રણની મંડળીમાંથી કોઇ કશું બોલતું નથી. એકબીજાનાં મોં જોઈ રહીએ છીએ, અને વાતાવરણમાંથી જે સંગીત ઉત્પન્ન થાય છે તેનું મૂલ્ય બિથોવનની સિમ્ફની કે માઈકલ એન્જલોની

શિલ્પાકૃતિથી જરાય ઊતરતું નથી.

હૃદયની બારી ખોલી બહાર જોઉં છું તો મને સુલસા ને રેવતી દેખાય છે. પ્રભુ મહાવીરે પાઠવેલ ધર્મલાભની વાણી અંબડ પરિવ્રાજકે જ્યારે સુલસાને સંભળાવી હશે ત્યારે કેવા ભાવ અને કેવી ભક્તિથી સુલસાએ તે ઝીલી હશે ને વીરસ્તુતિ કરી હશે ? રેવતીએ પ્રભુ મહાવીરને ઔષધિદાન કરી તીર્થંકર-નામકર્મ બાંધ્યું. ઔષધિના બહાના હેઠળ હૃદયદાન ને જીવન-દાન કરનાર એ મહાસતીની ચાલાકી કેટલી ? ભક્તિનાં પૂરને સોનાના પહાડ ને રૂપાની નદીઓ નડતાં નથી. સોના–ચાંદીના મૂલ્ય સામે એ પવિત્ર મનના શુભ ભાવો જોખતો હું વિસ્મિત થઈ જાઉં છું.

સ્મૃતિપ્રાસાદના એક પછી એક ખંડ હું વટાવું છું. જ્યાં જ્યાં નજર નાખું છું ત્યાં વિરાટનું એક નવું કાવ્ય, અનંતની એક નવી મસ્તી ઊછળે છે. સામેનો જ ખંડ જુઓ. માયરામાં આઠ નવવધૂઓના હાથ હાથમાં રાખી કેવળજ્ઞાન પામનાર ગુણસેન ને સિંહાસન પર બેઠા બેઠા તેનો આ વૃત્તાંત સાંભળી કેવળજ્ઞાન પામનાર પૃથ્વીચંદ્ર !

ઘડિયાળના કાંટા સ્તબ્ધ બની જાય છે પણ વિચારનું ચક્ર જોશભેર ફરવા લાગે છે. વાસના અને સંયમને કેટલું ઓછું છેટું છે ! ઇચ્છા એક પડખું બદલે ને વાસનાલુબ્ધ માનવી જિતેન્દ્રિય બની જાય, અને છતાંય એ પણ કેટલું સાચું છે કે સંયમમાર્ગમાં કેટકેટલી ખીણો ને કોતરો, કેટ-કેટલા વાઘ-દીપડા ને વેતાળ-પિશાચો આવે છે !

ચાર કરોડ સોનૈયા નિધાનમાં, ચાર કરોડ વ્યાજમાં ને ચાર કરોડ વેપારમાં રાખનાર, ચાળીસ હજાર ગાયો ને પાંચસો હળ રાખનાર અને છતાં અપરિગ્રહી એવા આનંદ શ્રાવકની

પૌષધશાળામાં હું પહોંચી જાઉં છું. પૌષધશાળાના પગથિયા પર ઊભેલા ગૌતમસ્વામી આનંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડં દે છે. ત્રિપદીના ત્રણ શબ્દોમાંથી સમગ્ર શાસ્ત્રોનાં રહસ્યો વહેતાં કરનાર મંગળમુનિના હૃદયની પારદર્શકતા તો જુઓ! આનં-દાવેગથી ગૂંગળાઈ ગયેલ બારી પર શાંત ભાવ આવું છું. બહાર નજર કરું છું. વૈશાખનો ધોમધખતો તડકો મકાનનાં નળિયા પર સિતમની ઝડી વરસાવી રહ્યો છે. બારણા પાસેનો મધપૂડો સામૂહિક જીવનનું સૌંદર્ય રજૂ કરે છે, તો ઈલેક્ટ્રિક ઝુમ્મર પર માળો બાંધવા ભટકતી ચકલી જીવનવ્યાપાર પાછળનો તરફડાટ રજૂ કરી રહી છે. દષ્ટિ આ બાહ્ય દૃશ્ય પર ટકતી નથી. તરત જ તે આનંદ શ્રાવકની પૌષધશાળાના પગથિયે ઊભેલ સુવર્ણકાય ગૌતમના સૌજન્યપ્રવાહમાં પડતું મૂકે છે. બાહ્યસૃષ્ટિ ને આંતરદુનિયાના રસ્તા આમ ફંટાય છે.

ડોક સહેજ વાંકી વળે છે, આંખ ત્રાંસી થાય છે ને રાજગૃહીનો એ રસ્તો બદલાય છે. શ્રેણિકનો સુવર્ણરથ અચાનક થંભે છે. રાજાધિરાજ શ્રેણિક અનાથમુનિ પાસે કાંઈક ધીમી વાત કરતા હોય છે ત્યાં હું પહોંચી જાઉં છું. નાનકા બાળકની જેમ પહેરેલ કપડે ને મોં ધોયા વિના જ અનાથમુનિ બોલી રહ્યા હતા: '....અને રાજા! મેં જાણ્યું કે હું અનાથ છું, મારે નાથ નથી, મારી દયા ખાનાર કોઈ નથી!' અનાથમુનિના ચહેરા સામે જોઈ મારા હોઠ પર હાસ્ય ખીલ્યું. આમને અનાથ કોણ કહે? આમને બહારથી નાથ શોધવો ક્યાં પડે? કારણ પ્રવ્રજિત મહાત્મા અપ્રાપ્તને પ્રાપ્ત કહે છે ને પ્રાપ્તનું રક્ષણ કરી પોતે પોતાનો નાથ થયો છે. મારાથી હસી પડાયું. શ્રેણિક ને અનાથ-મુનિનું ધ્યાન મારી તરફ ગયું. મારા કપાળ સામે ચિંતાપૂર્ણ દષ્ટિએ તેઓ જોઈ રહ્યા હતા. મેં કપાળ પર હાથ મૂક્યો, ત્યાં

પરું-પમરાણું બુદ્ધિનું મોટું ગૂમડું મને થયું હતું. મને બીક પેઠી કે આ બે મર્જનો મને પકડી મારું નસ્તર-ઓપરેશન ક્યાંક ન કરી બેસે!

એક પછી એક ખંડો વટાવું છું, ને મને થાય છે કે સ્મૃતિનો પ્રાસાદ આટલો ભવ્ય ને ઊંચો હશે! મને એવી કલ્પના જ નહોતી. તેની ઉપેક્ષા કરવાથી આનંદની કેટલીયે તકો વ્યર્થ વહી જાય છે! નજીકના એક ખંડમાં દાખલ થયો. શુક પરિવ્રાજકને થાવચ્ચાપુત્ર 'સરસવ'ને 'માસ' શબ્દની વ્યુત્પત્તિ સમજાવી રહ્યા હતા. મારી દૂબળી બુદ્ધિ તત્ત્વચર્ચાની આ ભીષણ ઊંચાઈથી થથરી ઊઠી. થાવચ્ચાપુત્રે મને ખોળામાં બેસાડ્યો ને બાળકને સમજાવે તેમ મૃદુતાથી કહ્યું કે સત્યની આપ-લે માટે બુદ્ધિનો હાથ નાનો પડે છે, બુદ્ધિ દ્વારા સત્ય અપાતું-લેવાતું નથી. ગુરુના હૃદયના અગમ્ય પ્રવાહો શિષ્યના હૃદયમાં અનેક જાદુઈ કરામત કરે છે. આ શુક પરિવ્રાજકને જો! મેં જોયું તો બ્રાહ્મણ શુક પરિવ્રાજક જૈન શુકાચાર્ય થઈ ચૂકયા હતા! કેવી અદ્ભુત કરામત!

આ આશ્ચર્ય પણ હજી ઓસર્યું નથી ત્યાં કેશીગણધરે મને વિચારતંદ્રામાંથી જગાડ્યો ને નવો આંચકો આપી કહ્યું: 'તું વિચારે છે તે સત્ય છે. થાવચ્ચાપુત્રે બુદ્ધિ વિષે કહ્યું તે ખૂબ વિચારજે. તત્ત્વજ્ઞાન કાંઈ બુદ્ધિનો અખાડો નથી. તર્કની મલ્લકુસ્તીથી અધ્યાત્મનું રાજ જિતાય નહિ. આ પ્રદેશી રાજાને જો! જીવનું અસ્તિત્વ તેને મેં કેવી રીતે સમજાવ્યું? ચોરના શરીરના ટુકડેટુકડા કરી તેણે અણુએ અણુમાં જીવ શોધ્યો પણ ન મળ્યો. એવા નાસ્તિક રાજાને મેં એટલો તો આસ્તિક બનાવ્યો કે તે સૂર્યાભરૂપે ઊપજી, બે ભુજામાંથી દેવ-દેવીઓ વિકુર્વી, પ્રભુ મહાવીરને બત્રીસબદ્ધ નાટક

બતાવશો! આ પરિવર્તન,–હૃદયક્રાંતિ, શું મેં કેવળ તર્કપ્રહારથી પ્રદેશીમાં ઉપજાવી? કેવળ આ મારો બૌદ્ધિક જય હતો? થાવચ્ચાપુત્રે તને કહ્યું તે વિચારજે. બુદ્ધિ રાજરાણી નથી, ચમાર કન્યા છે. શ્રદ્ધા અને પ્રયોગ દ્વારા જો ત્રીજું લોચન ઊઘડે છે. તે જ આપણને બચાવે છે ને આગળ દોરે છે. પંડિતાઇ કરતાં સાધુતાની જીત અનેકગણી મોટી છે'

હું અકળાયો. બુદ્ધિવાદના કૃત્રિમ વાતાવરણથી ટેવાયેલ મને આ પહાડી હવા ફેફસામાં લોખંડી વજનરૂપ લાગી. આ વજનદાર સત્યોથી બુદ્ધિ દબાઈ ગઈ. થોડીક રાહત માટે બહારના ચોગાનમાં ઘૂમવા માંડયો. વધુ નિરાંત કરવા બે-ત્રણ ગલીઓ વટાવીને એક સુંદર હવેલી પાસે આવ્યો. જીરણશેઠની શાંત મૂર્તિ પ્રસન્નભાવે બેઠી હતી, ચઉમાસી તપ કરી પ્રભુ મહાવીર મારે ત્યાં વહોરવા આવશે એવી ભાવનામાં ડૂબેલા તેઓ દેખાયા. શાસ્ત્રો કહે છે કે આ ભાવના ભાવતા તમણે અચ્યુત દેવલોકનું આયુષ્ય બાંધ્યું. ને દેવદુંદુભી ન સાંભળી હોત તો કેવળજ્ઞાને થાત. તેમના ચહેરા સામે બારીકાઈથી જોવા લાગ્યો, પણ તેમાંય અકળ ઊંડાણ હતું. થાવચ્ચાપુત્રે કહેલ ને કેશીગણધરે સમર્થન કરેલ તત્ત્વરસ મને જેમ ઊંડો લાગ્યો તેમ જીરણશેઠની મુખાકૃતિ પરના પવિત્ર ભાવો–ભક્તિની સરળ રેખા તેથી યે વધુ અકળ ઊંડાણભરી લાગી. જ્ઞાન ને ધ્યાનાદિની જેમ ભક્તિ પણ આટલી ઊંડી હશે તે મેં પહેલી જ વાર અનુભવ્યું. મેં તો માન્યું હતું કે તપ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાનાદિ બધું અઘરું પડશે તો છેવટે ભક્તિ તો છે જ. પણ નિર્જીવ યંત્ર જેમ સ્તબ્ધ બેઠેલ જીરણશેઠના હૃદયની સાદી ને સરળ સજ્જનતાનો વિચાર કરતાં જણાયું કે ભક્તિનું ઊંડાણ તો સૌથી વિશેષ છે. ભક્તિમાં નદીના વેગ છે, નીલાકાશનું

[illegible] ડૉ. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible].

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible], [illegible], [illegible] [illegible] [illegible] [illegible].
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] નથી, [illegible] [illegible] નથી. [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, [illegible]. [illegible]
[illegible] [illegible] [illegible] નથી. [illegible] [illegible] વિદ્યાર્થીઓ ને
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મુંઝાવા લાગે છે

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] વર્ણન
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ને તેલીઓ પણ છકે દેવલોકે જતા! મને સમજાય છે કે મૃત્યુની જેમ સત્ય પણ કોઈને ય છોડતું નથી. સત્યના માર્ગે જવા માટે સૌના વારા આવે છે-પછી એ ધોબી હોય કે કણબી. આ સત્યમાં કાલસુકરીક કસાઈનો પુત્ર સુલસ સાથ પુરાવે છે. એ સુલસ આંગળી ચીંધી આ મુદ્દો મને સમજાવે છે કે ધર્મ કોઈને છોડતો નથી. સત્ય તરફ મોં કરવાના સૌના વારા આવે છે. કારણ અધર્મ વિકૃતિ છે, Transitory Period છે. ધર્મ જ સ્વાભાવિક છે. પોતાના પગ પર કુહાડો મારી, ઘાની થતી વેદનામાં કુટુંબીઓને ભાગ પડાવવાનું કહી, સંસારની સ્વાર્થમયતા કેવી રીતે સિદ્ધ કરી તે હમણાં હમણાં કસાઈ સુલસે મને કહ્યું. હું સ્તબ્ધ બન્યો. કયાં કાલસુકરીક કસાઈ ને કયાં તેનો પુત્ર સુલસ! ડાલ્ટનનો Law of Heredity સિદ્ધાંત કયાં ગયો? ૪૮ ક્રે.મોઝોમ્સની થીઅરી કયાં ગઈ? આધ્યાત્મિક વેદના જાગે છે ત્યારે સ્થૂલ નડતરો કયાં રહે છે? પ્રલયતાણ્ડવ સમયે ચકલીના માળાનું શું ગજું કે ટકી રહે?

આ અનંતની સૃષ્ટિનાં પાત્રો વિશે બહુ લખ્યું. તેઓના જીવનપ્રસંગોનો ગમે તે દૃષ્ટિથી વિચાર કરો, ને તમને અનંતતાનું દર્શન થશે-એક અપાર્થિવ માધુર્ય ટપકશે.

આ પાત્રો માત્ર સજીવ માનવો જ નથી, પ્રભાવશાળી દેવગણુ જ નથી, તે તો આત્માની અમર વિભૂતિ છે. આપણા હૃદયના સૂક્ષ્મતર થરો સાથે તેમનો અવિચ્છેદ સંબંધ છે તેઓની ચરણધૂલિ પણ હૃદય પર પડે છે ત્યારે અંતરમાં એક મૂક રુદન શરૂ થાય છે. એ રુદનના કરુણ સૂર મને અતિ પ્રિય છે. એ કરુણ રુદનથી થતી બેચેની યે મને પ્રિય છે. દિલની એ બેચેની મને જણાવે છે કે હજુ કયાંક મારો થોડોક ભાગ જીવે છે. હું સત્ત્વ વગરનો સડેલ શબ્દરૂપ નથી. અનંતના એ મૃદુ સંવેદનો, વિરા-

ટનાં એ સૂક્ષ્મ આંદોલનો, અગમ્યનાં એ અકળ કંપનો આ પાત્રો દ્વારા જે સહજપણે અનુભવાય છે, તે સૂક્ષ્મ સત્યોથી (Abstract Truths)થી નથી અનુભવાતા તે મેં પૂર્વે લખ્યું હતું.

અહીં આવી વિક્રમ રાજા, આભુ સંઘવી ને પેથડશાહ સંઘમાં જઈ આવ્યો. સંપ્રતિ રાજા ને કુમારપાલની રથયાત્રા જઈ આવ્યો. પોરવાડ જગડૂ, હંસરાજ ને વાગ્ભટ્ટના તી માલાની બોલી સમયે પણ પહોંચી ગયો. તે સમયે મેં પ્ર નથી કર્યો કે સોનાનાં પાંચસો દહેરાં, સિત્તેર લાખ શ્રાવ પાંચ હજાર આચાર્યોવાળી વાતમાં કાંઈ તથ્ય ખરું? હું ની ધાલી તેઓની સાથે ચાલ્યો છું, કારણ તેઓના હૃદય ભાવોનો હું જ્યારે જેમ જેમ વિચાર કરું છું ત્યારે આ બધાં વર્ણનો મને અતિશયોક્તિભર્યાં (overstatement) ન લાગતાં, પણ અલ્પોક્તિ (understatement) લાગે છે. વ વર્ણનોમાં જ ઐતિહાસિક અંશ છે તેનું મહત્ત્વ તો છે અ નથી, પણ તે વર્ણનોમાં જે આધ્યાત્મિક અંશ છે તેમાં બ્રહ્માંડને તોડી-ફોડીને ફૂચા કરી દે તેવો દારૂગોળો છે.

આ બધી અત્યાર સુધી કલ્પનાઓ જ કરી તેમ ન માનના. આ ઉજ્જડ ગામના એકાંતમાં પુણ્યાત્માઓની આ વસતિ વચ્ચે રહી મને એટલું તો સમજાયું છે કે કલ્પના પ નકામી નથી. કલ્પના હવાઈ વતુંળ નથી, મનનો વ્યર્થ ઉઠા

આ અનંતની સૃષ્ટિનાં પાત્રો વિષે વિચારતાં એમ લાગે છે કે કલ્પનાનું આકાશ ને સત્યની ધરતી ક્યાંક એકબીજાને સ્પર્શે છે, અને ત્યારે રસ્તાની ધૂળ સોનેરી રજકણ જ નથી બનતી પણ તે પ્રત્યેક રજકણમાં Electric Charges નો 'જોગનો ધોધ' પ્રગટે છે.

શિષ્યભાવે આ ગુરુજનોને હું રોજ મળું છું. જે પંથકમુનિએ આહારલુબ્ધ ને પતિત ગુરુ સેલગઋષિને ધર્મમાર્ગે પુનઃ સ્થિર કર્યા તે પંથકમુનિ વારંવાર મને કહે છે કે ગુરુનું ગુરુત્વ વજનદાર છે, તો શિષ્યનું શિષ્યત્વ પણ વજનદાર છે. ગુરુ થવું ભવ્ય છે, તો શિષ્ય થવું ક્યારેક તેથી યે ભવ્ય છે. શિષ્યત્વની મજા ઓર છે.

આવા અનેક ગુરુઓનો શિષ્ય બની હું એક નવી તાજગી અનુભવું છું. તેઓની નિરંતર દયાયાચના કરી મારી ઝૂંપડીને સોનાનો મહેલ બનાવી દઉં છું.

ઇન્દ્રની ભ. મહાવીરને વિનંતી

પ્રભુને છેલ્લે છેલ્લે ઈન્દ્રે વિનંતી કરી, 'પ્રભુ! થોડી પળ થોભીને આ ભસ્મ રાશિગ્રહ ઉપર આપ દષ્ટિ નાખો ૨૫૦૦ વર્ષ તેનો કુપ્રભાવ રહેવાનો છે તે આપની દષ્ટિમાત્રથી નાશ પામશે.'

ભગવાને કહ્યું, 'હે ઇન્દ્ર! વિશ્વવ્યવસ્થાનો ભંગ અ પણ નથી કરતા. નિસર્ગના મહાશાસનનું જે સ્થાયી બંધાર છે તે પ્રત્યે અમે પણ વફાદારીનું સોગંદનામું લીધું છે. આ વિશ્વ નિયમબદ્ધ છે. એ નિયમોનું ઉલ્લંઘન કરી શકતા નથ વડા પ્રધાનો તો આવે ને જાય છે. બંધારણ એનું એ જ ર છે. આપણે કેવળ દ્રષ્ટા છીએ, કર્તા નહિ. આ અનંતના તપ

અને ઇન્દ્ર તને રોકીને કહે છે: 'હે મહાનુભાવ! તારાં શાસ્ત્રો ખોટાં નથી! આ તો ચક્રવર્તીનોય ચક્રવર્તી–ધર્મચક્રી છે. બ્રહ્માંડના ઉત્તર–દક્ષિણ છેડા સુધી તેનું આધિપત્ય છે. જન્મો-જન્મનું તારું મનોદારિદ્ર્ય તેમનાં દર્શન માત્રથી જતું રહેશે. ચક્રવર્તીની લક્ષ્મી તો કાળપુરુષના મુષ્ટિપ્રહારથી ચૂર્ણવિચૂર્ણ થશે. પણ આ ધર્મચક્રીએ આપેલ આત્મલક્ષ્મી સદાય બીજના ચન્દ્ર જેમ વિસ્તરતી રહેશે. તું શોક ન કર. તારા મહાભાગ્યને સમજ કે આવા ઉત્કૃષ્ટ પુણ્યશાલીનું તને દર્શન થયું છે.'

લૌકિક ગણિત જાણનાર આ લોકોત્તર પુરુષની અદ્‌ભુત વાતો મગજના કયા ચોકઠામાં બેસાડી શકે? સોનાચાંદી અને હીરાપાનાથી વિભિન્ન એવી આત્મલક્ષ્મી છે તેનું ભાન સામુદ્રિકને થયું. અને ધર્મચક્રવર્તીના યોગસામ્રાજ્યમાં તેની શ્રદ્ધા થઇ.

ઇન્દ્રની ભ. મહાવીરને વિનંતી

પ્રભુને છેલ્લે છેલ્લે ઇન્દ્રે વિનંતી કરી, 'પ્રભુ! થોડીક પળ થોભીને આ ભસ્મ રાશિગ્રહ ઉપર આપ દૃષ્ટિ નાખો. ૨૫૦૦ વર્ષ તેનો કુપ્રભાવ રહેવાનો છે તે આપની દૃષ્ટિમાત્રથી નાશ પામશે.'

ભગવાને કહ્યું, 'હે ઇન્દ્ર! વિશ્વવ્યવસ્થાનો ભંગ અમે પણ નથી કરતા. નિસર્ગના મહાશાસનનું જે સ્થાયી બંધારણ છે તે પ્રત્યે અમે પણ વફાદારીનું સોગંદનામું લીધું છે. આ વિશ્વ નિયમબદ્ધ છે. એ નિયમોનું ઉલ્લંઘન કરી શકતા નથી. વડા પ્રધાનો તો આવે ને જાય છે. બંધારણ એનું એ જ રહે છે. આપણે કેવળ દ્રષ્ટા છીએ, કર્તા નહિ. આ અનંતના તપતા

[illegible]

[illegible] સ્થિતિમાં [illegible] શરીર પ્રસન્ન અને શાન્ત શરીર [illegible] છે [illegible] છે [illegible] છે.

ભ. મહાવીર-કથાના ચમત્કારો અક્ષરશઃ સત્ય છે

એક ચિંતકે સાચું જ લખ્યું છે કે આ જમાનામાં વધુમાં વધુ નુકસાન બે વસ્તુઓએ કર્યું છે: એક છે મૂડીવાદ, બીજો બુદ્ધિવાદ.

માત્ર બુદ્ધિનો આધાર લઈ સત્ય શોધનાર ભૂલો પડે છે અને તેના વિકૃત મનને શુદ્ધ ચૈતન્ય માની બેસે છે.

આવા બુદ્ધિવાદીઓ કદાચ કહેશે કે ભ. મહાવીરના જીવનમાં જે ચમત્કારો છે તે 'ક્ષેપક' છે, જૂના જમાનાના ગપ્પાં છે. પણ માત્ર બુદ્ધિની ફૂટપટ્ટીથી ભ. મહાવીરનું માપ કાઢવું તે નાનકડી ચમચીથી પ્રશાન્ત મહાસાગર ઉલેચવા જેવું અથવા તો ઓફિસ-ટેબલની ટાંચણીથી હિમાલય ખોતરવા જેવું છે. સત્યની આપણે માટે બુદ્ધિની હથેળી ખૂબ નાની

સ્પષ્ટ, પ્રભુ સર્વ દ્રવ્યના સર્વ પર્યાયો જોઈ શકવા માંડયા ત્રણે લોક અને ત્રણે કાળ તેમના સમયે સમયેના શુદ્ધોપયોગમાં પ્રતિબિંબિત થતા હતા. જે ધ્યેય માટે પ્રભુએ શતદિવસ સાડા બાર વર્ષ ઘોર તપશ્ચર્યા કરી તે સિદ્ધ થઈ ચૂકયું હતું.

આજે ન્યુયોર્ક અને મોસ્કોને આપણે સંભારીએ છીએ, પણ એ જૃંભક ગામને આપણે યાદ કરતા નથી–જ્યાં ચરમ તીર્થંપતિએ ક્ષપકશ્રેણી પ્રગટાવી હતી. શુકલધ્યાનના ચાર પાયા દટાયા હતા અને કેવલી સમુદ્ઘાત કર્યો હતો. એ શ્યામકના ખેતરનું શાલવૃક્ષ કેટલું ભાગ્યશાળી છે કે જેની છાયામાં પ્રભુએ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. જીવનનું શ્રેષ્ઠ ધ્યેય અને વિશ્વનો અંતિમ હેતુ સિદ્ધ કર્યો. સર્વ શ્રેષ્ઠ વસ્તુઓ આ શ્રેષ્ઠ પુણ્યવંતને મળી હતી તેમ તેઓનું કેવળજ્ઞાન પણ શ્રેષ્ઠ છે, કારણ અનંત આત્માઓના કેવળજ્ઞાનનું તે કારણ બની રહે છે.

ગારે છે

આજનું વિજ્ઞાન છે તેથી ઉચ્ચતર અને વધુ સમર્થ એક મહાવિજ્ઞાન પણ છે. તેના નિયમો અનુસાર કેટલીક ઘટનાઓ બને છે. આપણે તે નિયમો જાણતા નથી તેથી તે ઘટનાને ચમત્કાર કહીએ છીએ. આજથી પચાસ વર્ષ પહેલાં ગામડામાં કોઈકને કહ્યું હોત કે એક બટન દાબવાથી આખી ઓરડી ઉપર જાય છે, તો તે માનત નહિ. આજે લિફ્ટનો ઉપયોગ શહેરમાં રામા અને કૂતરાઓ પણ વગર વિસ્મયે કરે છે. ઉચ્ચતર વિજ્ઞાનના નિયમો જાણવાથી કોઈ ચમત્કાર ચમત્કાર નથી રહેતો. ભ મહાવીરના જીવનમાં ચમત્કારો કેવળ કલ્પના છે તે કહેવું તે બુદ્ધિનો નર્યો અહં છે, જે આત્મઘાતક છે. આપણે જે જોઈએ છીએ, સાંભળીએ છીએ, સ્પર્શીએ છીએ તે જ સત્ય છે, બીજું નહિ એમ તો આજનું બુદ્ધિવાદ ઉપર ઊભેલ વિજ્ઞાન પણ નથી કહી શકતું. આજના વિજ્ઞાનના બુદ્ધિવાદના સીમાડા તૂટતા જાય છે અને વિશ્વવ્યવસ્થાના ગણિત-સંગીતને અનુભવી તે પણ ઉચ્ચતર વિજ્ઞાનની શોધ કરે છે.

મારી મારા પ્યારા વાચકોને વિનતિ છે કે એ અચૂક શ્રદ્ધાથી ભ. મહાવીરના પ્રત્યેક ચમત્કારિક પ્રસંગો જ્યાંથી પણ મળે ત્યાંથી વાંચે અને પ્રભુ પ્રત્યેનો અહોભાવ પુષ્ટ કરે, કારણ આપણા સંકુચિત બૌદ્ધિક જગતની બહાર એક અનંત આશ્ચર્યથી ભરેલું રહસ્યમય બ્રહ્માંડ છે જ્યાં સાધનાની પવન-પાવડી પહેરી પહોંચી શકાય છે

સાધના વિના ભ મહાવીરની એક પણ વાત સમજાશે નહિ. દ' વિન્સીએ 'લાસ્ટ સપર' દોર્યું તેમાં ક્રાઈસ્ટનો ચહેરો ચીતર્યો નહોતો. છ મહિના ગુફામાં જઈ સાધના કરી જિસસનો ચહેરો કેવો હોય તેના સૌંદર્યની ઝલક લઈ તેણે પીંછી હાથમાં

લીધી અને વિષ પૂરું કર્યું, આપણે તો સોફા ઉપર બેસી સિગરેટ પીતાં પીતાં કે કોસ્મોપોલિટન થિયેટરમાં પોપકોર્ન ખાતાં ખાતાં તાર્કિકો ભારે નિર્ણય કર્યો છે કે ભગવાનના જીવનમાં ચમત્કાર જેવું તત્ત્વ કોઈ નથી. અરે ભલા ભાઈ! તેં ન જોયું હોય, ન સાંભળ્યું હોય, ન અનુભવ્યું હોય તેવું અગણિત રહસ્યોથી ભર્યું એક સૌન્દર્યમય વિશ્વ છે ત્યાં જવાની હિંમત સાધના દ્વારા કરીશ તો જરૂર તારો ભૌતિક અહં તૂટશે.

આજે લોકો ગપ્પાં મારતાં શીખ્યા છે, ચર્ચા કરતાં શીખ્યા છે. બુદ્ધિવાદનો ચમત્કાર ખરેલ પાનની ડાળમાંથી દેખાય છે. પણ સાધના કોઈ કરતું નથી. શાસ્ત્રોક્ત સાધના કોઈ કરતું નથી અને મુફત આખ્યા કરે છે—આ આમ ન હોઈ શકે! મોટી પાઘડી પહેરી નાનું બાળક માસ્તરનો પાઠ ભજવે છે. પણ બાપને આવ્યાની ખબર પડી તો પીઠ ઉપર સોટી પડશે!

બુદ્ધિનું પણ મૂલ્ય છે, પણ તે શોધક બુદ્ધિની તટસ્થ માલતું; અહંની જંજીરમાં જકડાયેલી બુદ્ધિનું નહિ.

ધારણા ધ્યાન સમાધિ પછી પ્રજ્ઞા (intuition) ખીલે છે. પણ તે આપણી માની લીધેલી પ્રજ્ઞા નહિ યોગભૂમિકાના સમાધિપ્રદેશમાંથી અવતરેલી પ્રજ્ઞા જોઈએ. પછી મહાવીર પ્રિયતમ લાગશે, શાન્ત પ્રેમપાત્ર લાગશે, અને મહાવીરના જીવનનો પ્રત્યેક ચમત્કાર આપણા જીવનમાં પણ ચમત્કાર બની આવશે. ચમત્કારનું આધ્યાત્મિક દૃષ્ટિએ મહત્ત્વ બહુ નથી છતાં યોગસામ્રાજ્યનો તે વિપુલ વૈભવ છે. સાધકની નૈતિક-આધ્યાત્મિક વીરતાનું પ્રકૃતિતંત્ર દ્વારા થયેલું સન્માન છે. તેને ન માનીને અવગણના કરવી તે સિદ્ધપુરુષ કે સાધકની સાધનાના પુણ્યતેજની અવગણના કરવા જેવું છે, અને પ્રકૃતિના રાજતંત્રનો તે અક્ષમ્ય રાજદ્રોહ (treason) છે.

ભગવાન મહાવીર અને ચંડકૌશિક

કનકખલ જતો રસ્તો જીર્ણ પર્ણોથી છવાઈ ગયો હતો. ભગવાનને ગામડાના લોકોએ કહ્યું, પ્રભુ આ રસ્તો ભયાનક છે. કનકખલ જવાનો બીજો પણ માર્ગ છે-સહીસલામત અને સગવડભર્યો. પ્રભુ મહાવીર જેનું નામ! ભગવાન મહાવીરે એમાંથી ઘોર વિકટ રસ્તો પસંદ કર્યો. ત્યાં અધવચ્ચે જ ચંડકૌશિક નાગ પડયો હતો.

ચંડકૌશિક દૃષ્ટિવિષ સર્પ હતો. દૃષ્ટિના અગ્નિથી સામું પાત્ર બળી જાય. કેટલીય વ્યક્તિઓ અજાણતા આ માર્ગે આવેલી અને ચપટી રાખમાં ફેરવાઈ ગઈ. કેટલાયે અણુબોમ્બની ગરમી એ દૃષ્ટિમાં હતી. ભગવાન નિર્ભયપણે એ માર્ગે ચાલી જાય છે. તેમનાં પગલાંનો મધુર ધ્વનિ વૃક્ષરાજિમાં નવચેતનનો

સંચાર કરતો હતો.

આ પગલાંના અવાજે કંઈક હૃદયમાં મંથન–મથામણની વેદના જગાડી છે જીવનનું ખોવાયેલું સત્ય પાછું આણી દીધું છે. આ મધુર પદધ્વનિમાંથી તત્ત્વસાક્ષાત્કારની કંઈક યોગમસ્તી જાગી છે. ભગવાનનાં એ પગલાંનો અવાજ બ્રહ્માંડના ખૂણે ખૂણે મંગલ સંદેશ દેતો હતો કે 'હવે તો જાગો, બહુ મોડું થઈ જાય એ પહેલાં જાગો અને જુઓ કે અવસર વીતી જાય છે જેને મેળવવાનો છે તેને મેળવી લ્યો' પણ વનપંથનો એ મંગલ પદધ્વનિ ચંડકૌશિકને ન ગમ્યો. મારા રૂઆબ સામે આ કોણ માથું ઊંચકીને આવે છે. દૃષ્ટિવિષ સર્પે અગ્નિમય નજર નાખી, 'હમણાં બળી જશે'ની પાકી ખાતરી સાથે, પણ કશું જ ન થયું. જે સદા આગળ વધે તે જ મહાવીર.

ફરથી ભગવાનના મુખારવિંદનું ચંડકૌશિકને દર્શન થયું. આ શાંત, શીતળ તેજજ્યોતિ બળવાન છે કે મારી આગ-જવાળા? મુકાબલો કરવો જ રહ્યો. ચંડકૌશિક બાપડાને ક્યાં ખબર હતી કે જીવનને જે છેડે હું છું તેને બરાબર સામે છેડે ભગવાન મહાવીર હતા. સામસામે છેડે રહેલા શુભ અને અશુભનો આજે દૃષ્ટિમિલાપ થયો.

ભગવાન ચંડકૌશિક પાસે આવી ઊભા રહ્યા. વિશ્વમાતાએ તેના અતિ માંદા બાળકને મમતાદૃષ્ટિમાં લપેટયું. કારણ ભગવાનની મમતા તે અલૌકિક સમતા જ હોઈ શકે. ચંડકૌશિકનું માથું ધમધમી ગયું. આવી ધૃષ્ટતા! પગના અંગૂઠે દંશ દઈને તે ખસી ગયો. રખે ને આ પુરુષ મારી ઉપર પડે તો! ભગવાનના પગના અંગૂઠામાંથી દૂધની ધારા નીકળી.

લાલ લોહીને બદલે સફેદ દૂધ!

કયા પહાડના ઝરણાનું આ માનવે પાણી પીધું છે? ક[illegible] સમુદ્રતટની હવા ફેફસામાં ભરી છે? ભગવાન તો શાં[illegible] અને સ્થિર હતા, પ્રસન્ન અને ગંભીર હતા. મુખ ઉપર માતાનું વહાલ હતું. એ જ ક્ષમાપૂર્ણ લોચન જાણે કે કહી રહ્યાં હ[illegible] કે 'તમારું બધું દુઃખ હું પી લઈશ. હું તો તમારી માત હું ને!'

શું વિચારવું અને શું ન વિચારવું? શું માનવું અને શું ન માનવું? ચંડકૌશિક વિમાસણમાં પડી ગયો. ત્યાં ભગવાને કહ્યું, 'બૂઝ, ચંડકૌશિક, બૂઝ, ચંડકૌશિક, બોધ પામ, બોધ પામ.' એ શબ્દોના કંપનનો એવો તો વૈજ્ઞાનિક જાદુ હતો કે ચંડકૌશિકને પૂર્વભવનું સ્મરણ થયું. આશ્રમનાં બાળકોને મારવા દોડવું, થાંભલા સાથે અથડાવું અને ત્યાં જ મરણ પામવું. પૂર્વજન્મનાં સ્મૃતિચિત્રો સ્પષ્ટ દેખાવા માંડ્યાં. ક્રોધનું આવું ભયાનક ફળ? અને હજી હું એ જ કરી રહ્યો છું?

ભગવાન મહાવીરે ચંડકૌશિકને નવો જન્મ આપ્યો. [illegible]

પશંતો હતો.

આપણા જીવનમાં પણ ચંડકૌશિક નાગ આવે છે પણ આપણે તેનું માથું છૂંદી નાખવા જીવનની શિલા ફેંકીએ છીએ. ઝેરી નાગને વિજયમાળામાં ફેરવવાનું રહસ્ય મહાવીરચરિત્ર શીખવે છે.

ધૈર્યમૂર્તિ મહાવીર અને સંગમદેવ

* દેવસભામાં ઈન્દ્ર મહારાજે ભગવાન મહાવીરના ધૈર્યપૂ
સત્ત્વની સ્તવના કરી; અને અભાગી સંગમ સળગ
ઊઠયો. જાણે કે તેના કાનમાં કાનખજૂરાના પગ ઘૂસી ગય
તે બોલ્યો, 'અરે! આટલી આટલી પ્રશંસા સાત વ્હેંતન
માનવની! આ ઈન્દ્ર મહારાજા તો જેમાં પડ્યા, તેમ
પડ્યા. આખરે મહાવીર તો માનવી છે; દેવ ઓછો જ છે
આ ચપટીમાં તેના માથે ટકોરો મારીને આવું, અને જુએ
કે તેના મસ્તકમાં કેવી આગ ધમધમે છે. પરીક્ષા તો તેન
લઈશ જ.' કહીને તે ભગવાન પાસે આવ્યો.

* તે સમયે ભ. મહાવીર ત્રણત્રણ રાતથી નિર્જળો અઠ્ઠ
કરી નિર્જીવ પરમાણુપુંજ ઉપર અનિમેષ નયને ધ્યાન

શ્રી મહાવીર જન્મ કલ્યાણક

અંતર્નિરીક્ષણનું મહાપર્વ

ભગવાન મહાવીરનું જીવન એકાંત, મૌન અને ધ્યાનરૂપ હતું, છતાં આશ્ચર્ય છે કે તેમના અનુયાયીઓને ટોળું, ઘોંઘાટ અને કલહ આટલાં પ્રિય કેમ છે?

જે ભગવાને ચરણના અંગૂઠાથી સુવર્ણનો મેરુ કંપાવ્યો તે મહાવીરના અનુયાયીઓને ઘેર વિટામિન્સ ટેબ્લેટ્સ અને લિવર એક્સ્ટ્રેક્ટનાં ઇન્જેકશનોની ઝડી આટલી કેમ વરસે છે?

જે ભગવાન મહાવીરે ધર્મગ્રંથના મૂળાક્ષર રૂપે પ્રારંભની શરત ન્યાયસંપન્ન વિભવ: ન્યાયપૂર્ણ ધન મૂકી, તેમના અનુયાયીઓ દાણચોરી અને કાળાબજારમાં હુકમના એક્કા કેમ થઇ ગયા છે?

જે ભગવાને ચંડકૌશિક નાગ અને સંગમ કે શૂલપાણિ યક્ષ સામે પણ ક્ષમાપણું કેળવ્યું ક્ષણમાં તે મહાવીરના અનુયાયી એક ગાદી કે પાટ ઉપર બેસતા બે સંતોની હૂંફાળી સ્નેહમય આપલે નથી કરી શકતા!

જે ભગવાને છેલ્લા શ્વાસ સુધી સોળ પ્રહરની દેશનામાં વિશ્વમાતાનું વહાલ રેડ્યું અને સતત નિરાગ્રહીતાનું રહસ્ય ખુલ્લું કર્યું તેના અનુયાયીઓ ગાદીતકિયે પેટ પંપાળતા અંધિયાર ખાબોચિયા જેવા બની ગયા અને વહેતા ઝરણાનું રહસ્ય ખોઈ દીધું.

જે ભગવાન મહાવીરે ચૌદ રાજલોકના સર્વ જીવરાશિને છાતીસરસા ચાંપી વિરાટતાનું આલિંગન અને ચુંબન આપ્યું તેના અનુયાયી ધર્મને પંથ અને સંપ્રદાયમાં કેમ ફેરવી રહ્યા છે?

મહાવીરનો જન્મદિન અંતર્નિરીક્ષણનો છે. કડવું પણ સત્ય આપણું આધ્યાત્મિક જાગરણ બની શકે.

ા સરી પડે.

શુદ્ર અને મહાનતાના આ વિગ્રહ અનાદિથી ચાલ્યો
વે છે. ખરું પૂછો તો એ વિગ્રહ એક પક્ષે છે. શુદ્ર પગ
ળે છે, હાથ ઉછાળે છે, ઉછાળી ઉછાળી ચીસ નાખે છે,
ું મહાનતા તો શાંત છે, સ્થિર છે, સુમધુર છે. મહાનતાનું
ણ એ છે કે તેની છાયામાં શુદ્ર તેની શુદ્રતા સહજપણે છોડી
છે. જ્યાં અન્ય કોઈ રોગમાં માથું ખોસી બાયનું જીવલેણ
પન છુપાવે છે ત્યાં મહાવીર હસે છે, રમે છે અને જીવવાના
ર્વ ભયના ચૂરેચૂરા કરે છે અને દુનિયાને કહે છે, 'ભય ન
ામો, તમે વિરાટ છો, વીર છો, સર્વ શક્તિશાળી છો; તમને
કોણ ડરાવશે? કોણ હરાવશે. જુઓ, આંખ ખોલો અને ત્રાડ
નાખો, સિંહગર્જના કરો. જુઓ, સર્વ ભયો તમારાં ચરણ
ચૂમી તમારી રહેમનજર માટે જમીન પર આળોટી રહ્યા છે.

ઝેરી નાગ પણ તમને શું કરશે, જો તમે તમારી
આંખોમાંથી ઝેર કાઢી નાખશો; અગ્નિની વિજવાળા પણ
તમારા ગળામાં હારરૂપ પડશે, જો તમારા હૃદયનાં સંકુચિત
દ્વારો ખોલી નાખશો. તો સહન કરો, સહન કરો. મહાનતાનું
એ સર્વસામાન્ય સદ્રાજ્ય છે. ખૂબ સહન કરો. આનંદથી
સહન કરો. જે સહન કરશો તે જ શુદ્ધ બનશે, અને જે શુદ્ધ
બનશે તે જ પૂર્ણ બનશે.'

સમી સાંજે જ્યારે હું રાત્રિનું ધ્રુવ મકરણ સાંભળી રહું
છું ત્યારે મને થાય છે કે બધું જ સુંદર છે, પણ વધુ સુંદર છે
આ મહાવીરનું મહાવીરત્વ જે સર્પને પણ ફૂલના દડાની
જેમ ઉછાળી શકે છે, રાક્ષસને પણ જમીન ઉપર રાઈના દાણા
જેમ વેરી શકે છે. જે કાનમાં ખીલા ઠોકાતા ખિલખિલાટ

હાસ્યથી સહન કરે છે, જે સંગમના કાળચક્રને માથા ઉપર ઝીલી શકે છે, મધરાતની સૂમસામ ભયાનકતામાં શૂલપાણિ યક્ષનું અટ્ટહાસ્ય વેરાન ખંડેર વચ્ચે આસાનીથી ઝીલી શકે છે, ઘોર કટ્ટર શત્રુને પણ પોતાની ગાદીનો આધ્યાત્મિક વારસદાર બનાવે છે, પડેલાને પીઠ ઉપર ઉઠાડી દે છે, જે ભાંગી ગયેલાને એમના ચુંબનથી ગુરુતત્ત્વ દાન કરે છે, જે વિશ્વના આધ્યાત્મિક ઉત્થાનચક્રને એમની ટચલી આંગળી ઉપર ગતિમાન રાખે છે, જે પડેલાને પ્રેરણા આપે છે, થાકેલાને પણ પ્રેરણા આપે છે, સૂતેલાને જગાડે છે, જાગેલાને ચલાવે છે અને ચાલતાને પહોંચાડે છે એવા મહાવીરનું વીરત્વ આપણા વહેંતિયા ઠીંગુજીઓની દુનિયા શું સમજશે? આપણું વીરતત્ત્વ તો બીજાના ખીસામાંથી પાકીટ ચોરવામાં છે, બીજાના પરાજયમાં આપણો વિજય શોધવામાં છે, બીજાની ગરીબાઈમાં આપણી શ્રીમંતાઈ જોવામાં છે. આપણે સમજતા નથી કે સત્ય મેળવવા ત્યાગ અને બલિદાન જોઈએ. એમાં ખરું વીરત્વ છે આપણે તો આરામખુરશી ઉપર પગ નીચે બેસીને યુદ્ધમેદાનની વાતો કરવી છે. બિછાનું છોડવું ગમતું નથી. ઘરના આંગણામાં સપાઈ જવું છે. ટાઢથી ઠૂંઠવાઈને સિસકારા બોલાવવા છે અને વાતો સત્યના ગીમાડાની કરવી છે. આવા કાયરને મહાવીરનું મહાવીરત્વ ક્યાંથી સમજાશે?

મહાવીરનું મહાવીરત્વ તો એ સમજશે જે માઘ મહિનાની ભયાનક ઠંડીમાં પણ દુઃખદ વેઠીને શીતળ પાણીનો ઠં[illegible] સહન કરશે, જે પગના અંગૂઠાથી મેરુ પર્વત કંપાવવાની શક્તિ ધરાવવા છતાં લોભંડની રાશ માથા ઉપર ક્ષમાપૂર્ણ ને[illegible] ઝીલવા તૈયાર છે. આત્માના ખોટાં માપતોલને મૂકી દઈ [illegible]

શ્રમણ ભગવાન મહાવીર

આપણે ડામરની સડક ઉપર ચાલીએ છીએ અને ભગવાન મહાવીર ધૂળકંકરો ઉપર ચાલતા હતા, તે કાંઈ તેઓનું વિશિષ્ટત્વ નથી, તેમનું વિશિષ્ટત્વ એ હતું કે તેઓ જીતતા હતા—મનને જીતનાર હતા, સંસારને જીતનાર હતા, સ્થળકાળ અને પરમાણુને જીતનાર હતા. આ જીતનારની વાતુ જ જુદી જાતની હતી. બીજાઓ જે પરિસ્થિતિથી ફફડી ઉઠે, ગભરા જાય, મૂંઝાઈ જાય તે પરિસ્થિતિને ભ. મહાવીર હથેળીમાં લે છે તે પરિસ્થિતિની રૂપરંગરેખાનું સૌંદર્ય માણે છે. અને નિજાનંદ પ્રચુર મસ્તીમાં તે પરિસ્થિતિનું વિસર્જન કરે છે. ભ. મહાવીર કહ્યું કે મહાવીર બનવાની પહેલી શરત છે પરિસ્થિતિનો સામનો કે ફરિયાદ નહીં પણ તેનો શાંત સ્વીકાર. આ શાંત સ્વીકાર

પ્રગટ થતું તે શ્રી આચારાંગસૂત્રના આ 'આયઈ' શબ્દથી સમજાય છે

આજે ધ્યાનમાં પ્રવેશવાનો આપણો અધિકાર આટલો નથી. ક્ષપકશ્રેણીમાં અધ્યવસાયની એ શાંત આગ પ્રગટે છે, જેમાં કહેવાય છે કે સમગ્ર જીવરાશિનાં સર્વ પાપકળો હોમવામાં આવે તો ભસ્મીભૂત થઈ જાય. આવી સવિશુદ્ધ અધ્યવસાયની આગ પ્રગટાવવી તે માત્ર વજ્રઋષભનારાચ સંઘયણ જેવા વિશિષ્ટ હાડકાના બંધ માટે જ શક્ય છે. ક્લિષ્ટ સંઘયણવાળા હાડકાબંધના માનવીને તો વાતવાતમાં બગાસાં આવે, આંખ ઘેરાય અને શરીર પાછું પડે. શક્તિ વિના સર્જન નથી. સર્જનના આનંદની ઊછળતી છોળમાંથી જ સત્ય પ્રગટશે. શક્તિ, સર્જન અને સત્યનો આ નૈસર્ગિકક્રમ ભ. મહાવીરના જીવનમાં દેખાય છે. ભ. મહાવીરના જીવનનો સૌથી મહત્ત્વનો ભાર શક્તિ ઉપર છે. શક્તિના સંચય વિના મહાવીર વગેરે પ્રગટે નહીં. મહાવીરત્વ પ્રગટાવ્યા વિના અહિંસા-તપસંયમનું સર્જન નહીં થાય. સર્જનની મસ્તી વિના સત્યની ભાળ નહીં મળે.

શુક્લધ્યાનમાં એટલો તો થાક લાગે છે કે સ્વયંભૂરમણ સમુદ્રનો અર્ધરાજલોક પ્રમાણ વિસ્તાર ભુજાબળથી તરવામાં થાક લાગે. આટલી શક્તિના પ્રચંડ સ્ફોટથી આત્મતેજનું સર્જન થાય છે અને સ્વત્વનું સત્ત્વ સમજાય છે સ્વચ્છંદી ઇંદ્રિયોની વિષયલોલુપતા અને કષાયોની ઉગ્રતામાં જીવનશક્તિનો વ્યર્થ વ્યય કરતા પ્રકૃતિદ્રોહીઓ પાસે શક્તિહીનતા સિવાય બીજું રહે પણ શું ? માથું પટકવાનો અને છાતી કૂટવાનો દિવસ જ પછી આવે ને ? નાયમાત્મા બલહીનેન લભ્યતે ! આ

મા નિર્વીર્યને મળતો નથી. નિર્ધનતા સારી, નિર્વીર્યતા
સારી. કારણ કે જે નિર્વીર્ય છે તેને બધે નિરસતા જ
ાય છે. જીવન નિરસ થાય ત્યારે માનવું કે આપણે હારી
 છીએ.

દંભ અને પાખંડની આ દુનિયામાં ભ. મહાવીરનું આત્મ-
 કાણી કોડીના મૂલ્યે ઓળખાય તો નવાઈ નહીં, પછી ભલે ને
ોજભક્તિનો અંચળો ઓઢી ભક્તોમાં ખપતા હોઈએ! સૌને
શાળો પ્રિય છે, મહાવીર નહીં. પછી ભલે દેખાવ કરીએ કે
 મહાવીર આપણને પ્રિયતર છે! દેખાવમાં જ જીવન ઘટી
યું. જ્યાં દેખાવવું જ રહ્યું ત્યાં હોવાપણાનું મહત્ત્વ છે જ
હિ!

ભ. મહાવીરે કહ્યું કે દમન માનવીને નરપશુ બનાવે છે.
દમન નહીં, વૃત્તિઓનું અને સમગ્ર જાતનું ઊર્ધ્વીકરણ
જોઈએ. વૃત્તિઓ તે વનમાં લાગેલી આગ છે. દમનને ફૂંક
મારીને ઓલવાય નહીં. વૃત્તિઓને સમજવા પ્રયત્ન કરો. વૃત્તિ-
ઓના પ્રવાહના આદિ, મધ્ય અને અંતનું વૈજ્ઞાનિક પૃથક્કરણ
કરો. જ્ઞાનના આનંદમાં વૃત્તિઓને ભસ્મીભૂત કરો. જ્ઞાનધારા,
સમ્યગ્ વિચાર અને સમ્યગ્ સમજણ દ્વારા વૃત્તિઓનું ઊર્ધ્વી-
કરણ કરો.

ભ. મહાવીરે કહ્યું કે કશાથી ડરો નહીં, નવા પ્રયોગોનું
પરાક્રમ કરો. સત્ય સાહસિક નિર્ભયતાને વરે છે. જે ભયભીત
છે, તે મહાવીરજીવનને નહીં સમજી શકે. મહાવીરનું લાંછન-
નિશાન સિંહ છે, ઉંદર નહીં, આપણા મહાવીરનું નિશાન
આપણે ઉંદર-છછુંદર બનાવ્યું છે. સિદ્ધાર્થ-ત્રિશલાનાં અને
એ ક્ષત્રિયકુંડના રાજકુમાર ચરમ જિનપતિ મહાવીરનું નિશાન-

ગેંડાના શૃંગ જેવા એકાકી મહાવીર

રાજગૃહીના પાંચ પહાડ ભ. મહાવીરની સતત યાદ
ે છે. અહીં ભગવાનની ચરણપંક્તિથી ધૂળ પવિત્ર થઈ હશે.
ીં ભગવાનની દૃષ્ટિથી આ અનુપમ સુંદર દૃશ્યોમાં આધ્યા-
ક છાયા ઉમેરાઈ હશે. અહીં ભગવાનનું મહામૌન ને વિરાટ
હોએ એક શ્રેષ્ઠ જીવનકવિતાનું ભાવમાધુર્ય વરસાવ્યું હશે!

એ પછી ગયા ઋજુવાલુકાના તીરે, જ્યાં ભગવાન કેવળ-
ા પામ્યા! સર્વ દુઃખોથી રહિત થયા. ગેંડાના શૃંગ જેવા
ાકી પ્રભુ અહીં વિહરતા આવ્યા હશે. ભગવાનને મળેલી
ઉપમાઓમાં આ ગેંડાના શૃંગ જેવા ભગવાનની [illegible] મને
ખૂબ ગમી છે જેને [illegible] કરવી [illegible] છે.
[illegible] છે.
ાના શૃંગ જેવા [illegible]

ન જમાને છે. પોતાના તે ગમે તે સમાજ પ્રયોગો ને નવી વાત ને પંથો. જેને શુદ્ધ ચેતનતત્ત્વ સાથે સ્વાદીઓ નાખી તેને એકાંત જ ભાવશે.

આજે આપણા જીવનમાં એકાંત નહિ, એકલવાયાપણું છે, પણ તે નિર્બળતાનું, ઊતરતા પ્રકારનું મિત્રો, સ્નેહી, સગાં-સંબંધી, સમાજ વગેરેમાં ક્યાંય હૃદય-હૃદયનો મિલાપ નથી. કૃત્રિમ સંબંધોના દંભી જૂઠાણા પર આપણા સર્વ સંબંધો આજે રચાયા છે. પરિણામે કોઈ કોઈના હૃદયમાં પ્રવેશતું નથી. એક જ કુટુંબ, એક જ ઘર, એક જ મહોલ્લો કે એક જ ગામ ને રાષ્ટ્ર છતાં સૌ એકબીજાથી સેંકડો ગાઉ જુદા પડી ગયા હોય તેમ લાગે છે. જાણે કે કોઈ કોઈને સહાનુભૂતિ ને પ્રેમથી સાંભળતું નથી, કોઈ કોઈને ઉમળકાથી આવકારતું નથી, ભેટતું નથી; કોઈ કોઈને નિઃસ્વાર્થપણે ચાહી શકતું નથી. સૌ ખભો પકડે છે-એકબીજાના ખભા પર ચડીને સ્વાર્થની મટકી ફોડવા માટે. આપણે નીતિશાસ્ત્રો, તત્ત્વજ્ઞાન ને ધર્મના ગમે તેટલા પ્રખર હિમાયતીઓ હોઈએ છતાં એકબીજાના હૃદયની નજીક આપણે આવતા નથી, આવવા માગતા નથી. એક વિરાટ શુષ્ક પોલાણ આપણા જીવનમાં આવી ગયું છે. સ્વાર્થ, કપટ, ઈર્ષ્યા પર રચિત કૃત્રિમ સંબંધોએ જાહેર સભાઓ, સરઘસો, મેળાવડા ને ઉત્સવો વધાર્યાં છે છતાં દરેકનું હૃદય એક શુષ્ક કરુણ એકાંત અનુભવી રહ્યું છે જાણે કે કોઈ કોઈની પાસે જઈ શકતું નથી, મૈત્રીપ્રમોદની પ્રકાશરેખા પ્રજ્વાળી શકતું નથી. આપણું આ એકાંત નિર્બળતાનું એકાંત છે.

ભ. મહાવીરનું એકાંત સિંહ ને ગરુડના વીરત્વભર્યું એકાંત હતું પ્રત્યેક મહાનતા જનસમૂહથી વિખૂટી પડી જાય છે એ એક નિયમ છે. ભગવાનમાં મહાનતા તો હતી જ. તેઓ

વિચારોને [illegible] આપણે [illegible]
આપણા આત્માનં આનંદ માણી શકીએ? જો એકાંત
આપણે આપણું પોતાનું [illegible] જોઈ શકીએ, આપણા ગુણ
અનુભવીને ગોઠવણ [illegible] ગોઠવી શકીએ.

જો એકાંતમાં આપણા નજીકના [illegible] માટે પણ આત્મ
શુકદેવકુમાર જેમ રહી પડીએ; જે એકાંતમાં ભરત ને સનતકુમાર
જેમ આપણા ખરા સૌંદર્ય પ્રત્યે જાગ્રત થઈએ, જે એકાંતમાં
ચિત્રવિચિત્રના પરમપદે રાજા માધુર્ય વરસાવ્યું છે, તે એકાંત
આપણે મેળવવું જ રહ્યું. ટૂંકમાં ગેંડાના શિંગડા જેવા એકાકી
આપણે થવું રહ્યું તો જ સાધના શક્ય છે.

આવું એકાંત લેવા શહેર ને ગામડા છોડીને જંગલમાં
જઈ વસવાની જરૂર નથી; આવું એકાંત વેપારી ગાદી પર મા
તોલ નક્કી કરતાં કે શયનખંડમાં પત્ની સાથે સૂતાં પણ મા
ભવવું જોઈએ. એ તો મોટી સિદ્ધિ કહેવાય. પણ આપણે
ભૂલીએ કે શરૂઆત હંમેશાં નાની હોય છે; અંત વિરાટ હો
છે. Beginning is always small.

તો એવા ગેંડાના શિંગડા જેવું ભ. મહાવીરનું એકા
પણું આવે ક્યાંથી? સામાયિકમાંથી! સામાયિક એક ના
આધ્યાત્મિક પ્રયોગ છે. બંધ બારણાની પ્રયોગશાળામાં જે
એક મહાન વિજ્ઞાની દેશકાળ ભૂલીને પોતાની શોધ પાર પ
છે તેમ સામાયિક લેનાર સ્થૂલ જીવનની ઘટમાળ પ્રત્યે બા
બારણાં બંધ કરી, શુદ્ધ ચેતનતત્ત્વનો એક જ સંબંધ ચ
રાખી સર્વ પ્રકારના સર્વ સંબંધો લુપ્ત કરે છે અને
એવું અદ્ભુત અનુપમ અગાધ એકાંત સર્જે છે, જે
બ્રહ્માંડ, જીવ અને શિવ પ્રત્યે નવાં નવાં સજીવ સંવેદને

પેરે

। દે છે, ૪૮ મિનિટનું સામાયિક એ ભગવાન મહાવીર જૈન
ના શૃંગ જેવા એકાકી બનવાનો અદ્‌ભુત પ્રયોગ છે.
માયિક લેનાર માટે કુટુંબ, સગાંસ્નેહી ને સમાજ તો
ધી જ રહેતાં, પણ દેશકાળ ને પદાર્થ (Space, Time
Matter)ના પ્રત્યેક બંધનોથી તે મુક્ત બની Alone
એકાકી તે બને છે.

દેશકાળ ને પુદ્‌ગલ (Space & Time & Matter)ના ત્રિકોણમાંથી જીવ મુક્ત નથી થતો ત્યાં સુધી જીવ શુદ્ધ એકાંત માણી શકતો નથી. ત્યાં સુધી ગેંડાના શૃંગ જેવા એકાકી બનાતું નથી.

અવકાશ, કાળ અને પદાર્થ (Space, Time & Matter) ના ત્રિકોણમાંથી જીવને મુક્ત થવા માટે સામાયિક એકમાત્ર વ્યવહારુ અને શ્રેષ્ઠ પ્રયોગ છે. આપણા બધા તત્ત્વજ્ઞાનના મૂળમાં મહત્ત્વ સમજાવવું, આ આધ્યાત્મિક એકાંતનું છે. માત્ર નૈસર્ગિક ક્રમમાં ખૂબ ખૂબ ને ખૂબ લાંબા ગાળે તે પ્રગટે છે.

અધ્યાત્મપંથમાં કોઈ સિદ્ધિ ક્યારેય ચમત્કારિક પ્રાપ્તિરૂપ નથી થતી. ખૂબ લાંબી ને વિકટ મથામણો અને અસંખ્ય પરાજયો પછી મળે છે. એ પ્રત્યે તત્ત્વજ્ઞાન જ્યાં સુધી વ્યવહારુ પ્રયોગ-Experimental basis રૂપ નથી થતું ત્યાં સુધી તે વાંઝિયું છે, અર્થહીન ને બોજરૂપ છે. આપણી પ્રત્યેક ક્રિયા એક એક તત્ત્વજ્ઞાનના Experimental basis-વ્યવહારુ પ્રયોગરૂપ છે. સામાયિક પ્રતિક્રમણ, પ્રતિમાપૂજન કે કોઈ પણ નાની-મોટી ક્રિયા કોઈ નક્કર પ્રત્યક્ષ પરિણામ લાવવા માટેનો વ્યવહારુ પ્રયોગ છે.

આપણે પ્રયોગો કર્યા કરીએ છીએ પણ પરિણામ શું આવે છે, આવે છે કે નહિ અને આવે છે તો આટલું કેમ

દેવાધિદેવ

હે દેવાધિદેવ! અમો માનવબાળ આપનું શરણુ લઇએ
કારણુ જેનાથી સમર્થ ન થઇ શકાય તેને કોઇ સમર્થનું
શોધવું જ રહ્યું!

હે કરુણાધન દેવાધિદેવ! અમો આપનું શરણુ લઇએ
, કારણુ આપ જાગનારજ નથી પણુ જગાડનાર પણુ છો;
રજ નથી પણુ તારનાર પણુ છો.

હે ત્રિલોકપતિ દેવાધિદેવ! અમો આપનું શરણુ લઇએ
કારણુ આજે અમે જાણુતા થયા છીએ કે જેઓનું અમે
ર સુધી શરણુ લીધું હતું તેઓ જ હમેશાં કોઇ ને કોઇનું
શોધવા મથતા હતા! તેઓ નિર્બળ હતા! નિરાધાર હતા!
પરમસૌભાગ્યશીલ અરિહંત! અમે આપનું શરણુ લઇએ
એ, કારણુ આપના જેવા આ બ્રહ્માંડમાં કોઇ પુણ્યશાળી

હે દેવેન્દ્ર ! સ્વર્ગનો ઇન્દ્ર આપના ચરણના અ
મસ્તક લગાડે છે અને અગ્નિમય ફૂંફાડો મારતો ચંડકૌ
તે જ અંગૂઠે ઝેરી ડંખ મારે છે. છતાં ઇન્દ્ર શું કે ચંડકૌ
શું, બંને આપને સમાન જ છે. ન ઇન્દ્ર પ્રત્યે રાગ છે ન દ
વિષ ઝેરી નાગ પ્રત્યે દ્વેષ! આપની આ સમાનદૃષ્ટિ જેને
છે તેણે વિશ્વ જોયું છે, જાણ્યું છે અને જીત્યું છે. વિશ્વની
સર્વ વિચિત્રતાઓ કર્મના ઔદયિક ભાવની કરામત છે.
પરમ તત્ત્વજ્ઞાન આપી ભવ્ય જીવોને 'માર્ગ'નું દાન ક
દેવાધિદેવ મહાવીરને નમસ્કાર.

નથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સુરક્ષિતતા [illegible] શરણમાંથી જ પ્રાપ્ત થશે.

હે છત્રધારી દેવાધિદેવ! અમે આપનું શરણ લઈએ છીએ કારણ અમે અનાથ છીએ, અને આપ સર્વ અનાથોના નાથ છો. કારણ અમારી એ [illegible] છે કે આપના [illegible] ઝાડના એક [illegible] પકડીને અમે [illegible] [illegible].

હે અનંતલીલામય! ભગવંત! અમે આપનું શરણ લઈએ છીએ, એ આશાથી નહિ કે અમારે હવે પછી કંઈ કરવાનું જ ન રહે; પણ એ અભિલાષાથી કે આપના શરણુપરાયણ આશ્રયથી અમારામાં જે નિર્ભય વીરતા જાગી છે તેના વડે અમે સંસારને પડકાર ફેંકી શકીએ.

હે તારણહાર! દેવાધિદેવ! અમે આપનું શરણ લઈએ, કારણ જ્યારે જ્યારે આપની છત્રછાયામાં અમે પ્રવેશ પામીએ ત્યારે દુઃખ દુઃખ નથી રહેતું, સુખ સુખ નથી રહેતું; રહે છે કેવળ આનંદ!

અભય દયાણમ્

આ વિશ્વનું સારભૂત તત્વ એ પરમાત્માની કરુણા છે. એ પરમ પુણ્યના પુંજ વિના વિશ્વવ્યવસ્થા તૂટી પડત, સૂરજ ઊગત નહીં, વાદળાં વરસત નહીં, અનાજ પાકત નહીં, નાનકડું બાળક પા પા પગલી માંડી ન શકત, ચમેલી અને ગુલાબ તેના રંગ અને સુવાસ ખોઈ બેસત. પરમાત્માની એ કરુણા વિના પથ્થર ઉપર ન ટકત અને પહાડ ન સર્જાત તથા સમુદ્રનાં જળબિન્દુઓ પરસ્પર મળી ન શકત. આ વ્યવસ્થિત ઘટમાળના સર્વ મણકાઓ તૂટીને વેરાઈ જાત!

હું નિઃશંકપણે કહું છું કે એ કરુણા વડે જ આપણે શ્વાસ લઈને મૂકી શકીએ છીએ અને એ કરુણા જ ધર્મ મહાસત્તાનો ઉદ્યોત કરી રહી છે. તીર્થંકરદેવની કરુણાએ જ આપણને ધર્મ મહાસત્તાનું ભાન કરાવ્યું. અનિત્યાદિ ૧૨ ભાવનાઓ,

અણશણાદિ ૧૨ તપો, ક્ષમાદિ ૧૦ યતિધર્મો, સામાયિકાદિ ૫ ચારિત્રો, ૨૨ પરિષહ-જય આદિ સંવર-નિર્જરા તત્ત્વોનું ભાન કરાવ્યું. આ માર્ગદર્શન વિના આપણી દુનિયા એક સાતમી નરક જ હોત, કીચડ જ હોત; કોહવાણ અને રિબામણ જ હોત! દુર્ગંધ અને દુર્ભાગ્ય જ હોત. ફૂલો રંગીન ન હોત, પ્રભાત સોનેરી ન હોત, અને બાળક પ્રફુલ્લિત ન હોત. રહેત કેવળ પુણ્યહીન દુનિયાના પાપી માનવો, જે એકબીજાને બચકાં ભરત અને ફાડી ખાત.

આપણા જીવનનો જો કોઈ પણ હેતુ હોય તો તે એ જ કે તે પરમાત્માની સર્વ સમર્થ કરુણાનો અનુભવ કરીએ. આપણા જીવનમાં કરુણા કાર્ય કરતી થાય તે માટે આપણે બાજુએ ખસી જઈએ. વિજ્ઞાન આજે ગુરુત્વાકર્ષણ, લોહચુંબકત્વ અને વિદ્યુતશક્તિ એ પ્રકૃતિનાં ત્રણ મહાબળોની ભાષામાં સર્વ સ્થૂળ પ્રસંગોનું અર્થઘટન કરે છે. પણ યોગવિજ્ઞાન કહે છે કે વિશ્વનાં સર્વ પરિબળોના મૂળમાં આ કરુણા જ વહી રહી છે. એ કરુણા ખસેડી લો અને વિશ્વનું ખોખું કકડભૂસ થઈ જશે.

પરમાત્માની એ કરુણાનું પ્રથમ કાર્ય આપણને નિર્ભય કરવાનું છે. આથી જ શક્રસ્તવમાં પહેલું વિશેષણ અભય દયાણમ (અભયને આપનારા) નું જ કહ્યું છે. અભયદાન પછી જ માર્ગદાન (મગ્ગદયાણં), શરણદાન (શરણદયાણં) બોધિદાન (બોહિદયાણં) વગેરે છે.

આજે જ્યારે સર્વત્ર ભયનો એક કરુણ કાંડ સર્જાઈ રહ્યો છે ત્યારે નિર્ભય ચિત્તની કેટલી જરૂર છે! સર્વ ભયોથી છૂટવા માટે જ ધર્મની રચના છે. માત્ર નિર્ભય ચિત્ત જ પરમાત્માનું ઐશ્વર્ય અને સૌન્દર્ય સમજી શકે છે, ઝીલી શકે છે, પૂર્ણ ચેતનાનો આંતરવૈભવ ખોલી શકે છે. પરમાત્માની નિષ્કારણ અને

[illegible] ભિન્ન ભિન્ન નિર્ણય બન્યું નથી કહેવાતું
[illegible] ભિન્ન [illegible] જૂઓ કેટલી રે છે.
છે [illegible] [illegible] [illegible] બુદ્ધિ
[illegible] [illegible] અને
[illegible] [illegible] [illegible] આપણી પર
[illegible] [illegible] આપણી પર પણ
[illegible] [illegible] તેથી [illegible] આપણી તો અદ્ભુત
[illegible] [illegible] [illegible] નથી
[illegible] [illegible] [illegible] પૂર્ણ બની
[illegible] [illegible] આપણને [illegible] [illegible]
[illegible] [illegible] અને [illegible] છે.
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] રહી છે, [illegible] લય છે કે જ્યાં [illegible] અને મધ્ય-
કેન્દ્ર સુધી ચક્ર ધરતી [illegible] (Fundamental unit) અને આપણે
[illegible] આકર્ષક નિયમ (Central point) ના કરવું જ છે. અને આપણે
[illegible] (Central point) [illegible] જ્યાં રહ્યા છીએ તેનાથી
ને અનન્ત આનંદ [illegible] છે.
સ્વરૂપનો ઉપાય પણ એ કરવું જ છે.

આપણું જીવન એક અનન્ત ભાવની અદ્ભુત પરંપરા છે. દુઃખ
થી પાછો જાય કે સુખ આવી જવાનો ભય, કે ખરી દુઃખ-
ની પાછો જાય કે સુખની લેવડદેવડનો ભય, એ વિના આપણું જીવન
બીજું છે પણ શું ?

બધું પ્રત્યેનું બનતું નથી, બધું ભોગવવું ભોગવાતું નથી,
અને બધું સૌન્દર્યનું સુખ જ આપે એમ પણ નથી કદાચ કે બની
પ્રતિક્રિયા પણ થાય. આ બધાનો ઉપાય પરમાત્મા સાથેની પ્રીત-
સમાઇ છે. સ્થૂલ-સૂક્ષ્મ માયા જોઈને ભય પામવાનો ઉપાય
આ જ છે.

તેટલી તેની કરવા વધારે સંપાદન કર્યો તેટલા વધુ

ભયમુક્ત થશો અને પ્રીતસગાઇ વધુ દૃઢ થશે. ઉપાધ્યાય યશોવિજયજી કહે છે તેમ 'હોય રીઝણનો ઉપાય સામું કાંઈ જુએ રે.' પરમાત્મા જો સામું જુએ, તેની નજર જો આપણી ઉપર પડે, તેની કરુણા સંપાદન થાય તો વ્યક્તિ અને વિશ્વ બધું જ રિઝાઈ જાય.

પરમાત્માને મારી પ્રાર્થના છે કે તેની કરુણા તમારી શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પ્રત્યેક પરમાણુને હર્ષોન્મત્ત કરો. તમારું પ્રત્યેક શક્તિબિન્દુ તેના કરુણાકિરણનું વાહક બનો. તમારું પ્રત્યેક નાડીસ્પંદન અને હૃદય-ધબકાર તેની કરુણાનો જ સંગીતમય પડઘો બનો.

વિદ્યાના કીડા સાધના શું કરી શકશે? સમાજમાંથી વ્યક્તિએ જુદા થવું પડશે. આજે સમાજ વ્યક્તિને દોરી રહ્યો છે. ખરું પૂછો તો વ્યક્તિએ સમાજને દોરવાનો છે.

સિંહ અને ગરુડ થવું પડશે. ઘેટાં-બકરાંના ટોળામાંથી જુદા થવું પડશે. ટોળામાં છે ધામધૂમની ધમાચકડી! વ્યક્તિમાં છે એકાંત અને મૌન, ગુપ્ત સાધના અને મસ્તી. જીવનની સમગ્ર તાકાત રેડીને વ્યક્તિ સાધના કરે છે ત્યારે તેનો પુરુષાર્થ 'પ્રચંડ'નું વિશેષણ પામે છે.

સાધના એટલે હેતુ, યોજના અને ગતિ. હેતુ પસંદ કરો. હેતુ પ્રાપ્ત કરવા યોજના ઘડો. યોજના પ્રમાણે સક્રિય ગતિ શરૂ કરો. ધ્યેય જેટલું વધુ મહાન તેટલું વધુ મૂલ્ય ચૂકવો- 'pay the price'—'મૂલ્ય ચૂકવો.' નિસર્ગનો આ જ સર્વોચ્ચ આદેશ છે.

નિસર્ગનું મહાસત્ય ઉધાર કે ચોરીને મળતું નથી, તે તો મૂલ્ય ચૂકવીને ખરીદવું પડે છે. માત્ર પસીનો જ નહિ, આપણાં આંસુ અને લોહી સીંચીને ઉગાડવું પડે છે.

મહાન વૈજ્ઞાનિક એડિસને ઇલેક્ટ્રિક બલ્બ શોધ્યો. તેમાંની માત્રા-ફિલામેન્ટ-શોધવા બત્રીસ હજાર પ્રયોગો કર્યા હતા! પોલાદી ધાતુથી માંડીને બમોના બાજુના હજારો ફિલામેન્ટ તેણે બનાવ્યા હતા. મેડમ કયુરીનું જીવનચરિત્ર પણ પ્રચંડ પુરુષાર્થની પ્રેરણા આપે છે. ચાર ચાર વર્ષ સુધી હજારો ટન આયર્ન ઓર ઉકાળી રેડિયમ શોધવા પ્રયત્નો કર્યા. તેની પ્રયોગશાળા હતી ઢોરોનો તબેલો, જ્યાં તૂટેલું છાપરું પણ વર્ષા સામે રક્ષણ નહોતું આપતું. માંદા પતિની સારવાર માટે પૈસા નહોતા તો છાપરું ક્યાં સરખું કરાવે! આવી અસહ્ય ગરીબી વચ્ચે સતત પ્રયોગો કરી અડધો ડેસીગ્રામ રેડિયમ (વટાણાથી અડધા

આનંદ અને કેવળ આનંદ.

ભગવાન મહાવીરનું સૌથી પ્રાચીન ચરિત્ર શ્રી આચારાંગ સૂત્રમાં છે. દીક્ષા પછીની તેમની સાડા બાર વર્ષની સાધનાનું તેમા જે વર્ણન છે તે આ પ્રચંડ પુરુષાર્થની પ્રેરણા આપનું આપે છે. તેમાં લખ્યું છે કે 'બાર બાર વર્ષ ભગવાન પલાંઠી વાળી બેઠા પણ નથી. પાંપણ પર બાઝેલા પાણીના થર પણ આ વર્ષમાં ભગવાને લૂછ્યા નથી. બાર બાર વર્ષ ફેલાયેલા બા રાખ્યા છે. શરીર ખંજવાળ્યું પણ નથી. બાર વર્ષની એક પ્રહર નીંદ આવી ગઇ તો સ્વપ્નમાં પણ મેરુપર્વત ઉપર સૂ ઊગતો જુએ છે. ત્યાં પણ કેવળ જ્ઞાનનું ધ્યેય જીતવાની વાત છે.

બાર બાર વર્ષ આ ચરમ તીર્થંપતિએ નિદ્રા-આહ છોડયા, સ્વજન-સંબંધી છોડયા, રાજપાટ અને રમણી છો માત્ર ધ્યાનમાં સતત ખોવાયેલા રહ્યા. વીરનું આ વીરત્વ સાધ શું વસ્તુ છે તેનો પ્રત્યક્ષ પરિચય કરાવે છે.

આપણે પણ ભ. મહાવીરના વંશવારસ છીએ, પ કાળી ચૌદસે સ્મશાનમાં જઇએ તો પાછા આવી કોલનવોટર પોતું મૂકવું પડે છે અને ચાર દાદરા ચઢવા લિફ્ટ જોઇએ પછી વાતો ભલે ચૌદ રાજલોકની ટોચે જવાની કરતા હોઇ ને! કથીરમાંથી વીર અને વીરમાંથી મહાવીર બનવાનો ર એક જ ઉપાય છે-'ધ્યેયલક્ષી પ્રચંડ પુરુષાર્થ'.'

પ્રિય પથિક! સાધનાનું આ સ્વરૂપ સમજ્યા પ કશુંક નવું તમને સૂઝશે, જે તમારા જીવન ઉપરનું આળસ અ જડતાનું આવરણ છેદી નાખશે.

ભગવાન મહાવીરે કહ્યું કે દુ:ખથી ભય ન પામો, સુખ લોભાઓ નહિ.

[illegible]

[illegible] છે, તે દુઃખનો નાશ [illegible]

[illegible] દુઃખ [illegible]

[illegible] છે.

[illegible]

[illegible] છે.

સુખદુઃખની પેલી પાર છે આનંદ-નિજાનંદની મસ્તી! એ શાંત મસ્તી જ તૃપ્તિ છે.

આપણને જોઇએ છે આ તૃપ્તિનું તત્ત્વજ્ઞાન અને તૃપ્તિનો પ્રયોગ-જીવનનું આ જ બીજું નામ છે. અન્ય સર્વ કાંઇ છે મૃત્યુ.

સ્વરૂપ-દર્શન અને સ્વરૂપ-સ્થિરતા એ તૃપ્તિને પ્રવાહિત કરતા બે સિંહદ્વાર છે.

જીવન એક એવું માનસિક યંત્ર છે જે સુખદુઃખનું સંવેદન જગાડે છે. સુખદુઃખથી પર, લાભહાનિથી પર, પ્રિય-અપ્રિયથી પર, જ્ઞાન-અજ્ઞાનથી પર, સ્થળકાળથીયે પર, સર્વ દ્વંદ્વોથી પર આત્મમસ્તીથી ભરપૂર છે સ્વસંવેદન !

તૃપ્તિ તે આવું સ્વસંવેદન છે.

પ્રજ્ઞા તે આવા સ્વસંવેદનને અંતરમાં ઝીલવાની પરિપકવતા છે.

સંજ્ઞા તે પ્રજ્ઞાનો સામો છેડો છે. પ્રજ્ઞાની પરિપકવતાનો નજીવો અંકુર ફૂટવાની શક્યતા પણ ત્યાં દૂર હડસેલાઇ ગઈ છે.

સ્વસંવેદન ક્યાથી મળશે? સ્વરૂપ-સ્થિરતામાંથી.
સ્વરૂપ સ્થિરતા ક્યાંથી મળશે? સ્વરૂપ-દર્શનમાંથી
સ્વરૂપ-દર્શન ક્યાંથી મળશે? સાચી સમજણમાંથી
સાચી સમજણ ક્યાંથી આવશે? મૌલિક ચિંતનમાંથી
મૌલિક ઊંડું ચિંતન ક્યાંથી મળશે? એકાંત અને મૌનમાંથી
એકાંત અને મૌન ક્યાંથી મળશે? આત્મખોજની વેદનામાંથી
એ ખોજની વેદના ક્યાંથી મળશે? પ્રકૃતિના નિર્દય પ્રહારરૂપ મહાદુઃખમાંથી.

જે પ્રહાર આપણું 'અહં'નું કોચલું-The shell of

તૃપ્તિનો પ્રયોગ છે.

સંત મન્સુરે શૂળી ઉપર ચડતાં ચડતાં જે 'અહમ બ્રહ્માસ્મિ'નો જયનાદ જગાડ્યો, તે જ શુદ્ધ સ્વસંવેદનની મસ્તી હતી, તૃપ્તિનો અનુભવ હતો.

"આનંદઘન એક વલ્લભ લાગત ઔર ન લાખ કિરોર મેરે ઘટ ગ્યાન ભાનુ ભયો ભોર" જ્ઞાનરવિનું સુસ્વાગત કરતા આનંદઘનજીના આ સ્વસંવેદનના માપતોલનું પં આપણા વેદંતિયાઓની ફૂટપટ્ટી ન જ હોઇ શકે!

તૃપ્તિ તે આ શુદ્ધ સ્વસંવેદન છે.

સંજ્ઞા [Instinct] પ્રજ્ઞા [Intuition] માંથી જેમ જે જમશું તેમ આ તૃપ્તિમય સ્વસંવેદન પ્રગટતું જશે! આપ અદ્વિતીય શાંતરસ ખોઇ બેઠા છીએ! પછી અતિન્દ્રીય તૃપ્તિ ક્યાંથી થાય!

શાંત થાવ! સ્થિર થાવ!! તૃપ્તિમય થાવ!!!

રને તેણે ચાળણી જેવું છિદ્રમય કરી નાખ્યું. ભગવાનના શરી ઉપર તે દુષ્ટે પક્ષીઓનાં પાંજરાં ટીંગાડયાં, જેથી જંગલ પંખીઓની તીણી ચાંચ ભગવાનને ફોલી ખાય!

૭ મહિના ભગવાન જ્યાં જ્યાં ભિક્ષા માટે ગયા ત્યાં આ દુષ્ટ સંગમે આહારને નિર્દોષ ન રહેવા દીધો અને ભગવાનને ૭ મહિના ઉપવાસી રહેવું પડયું. પણ યોગીની શાંત તપશ્ચર્યા પર આ અધમ જીવે હિંસક આક્રમણ કર્યું. એક દેવથી શકય તેટલી સઘળી પ્રતિકૂળતાઓ ઊપજાવી. છેવટે ભગવાન મહાવીરના માત-પિતાનો વેશ લઈ સંયમ મૂકવા આજીજીઓ કરી અને આવા અનેક અનુકૂળ ઉપસર્ગો પણ કર્યા. પણ સૌને મુકત કરનાર અને સૌને જિવાડનાર આ મહામેરુ શું સંગમ જેવા રૂના પૂમડા નીચે દબાઇ જાય?

બધી ધમાલો પત્યા પછી સંગમ ભગવાન સામે સ્થિર નેત્રે જોઇ રહ્યો. ભગવાનના નિરંતર ક્ષમાવંત ચક્ષુઓમાં આંસુ હતાં. દુષ્ટ અને અધમ માટે પણ એ દિવ્ય ચક્ષુનાં પ્રેમાળ આવકાર હતો! માતૃસ્નેહની ઉષ્મા હતી. ભગવાન પણ રડી પડયા! કદાચ તેમની જિંદગીમાં પહેલી વાર અને છેલ્લી વાર.

શેનાં એ આંસુ હતાં? ના, તમે કંઈ કહેતાં નહીં. મહેરબાની કરી તર્ક-વિતર્કના ચકરડામાં ભમતા નહીં. વીસમી સદીનો ચકોર માનવી એ જવાબ નહીં આપી શકે.

એ આંસુ હતાં સંગમ પરની કરુણાનાં! વિશ્વમાતાના વહાલનાં એ બે આંસુ હતાં! ભગવાનને થયું કે મારે લીધે આ સંગમ કેવો કઠિન કર્મબંધ કરી રહ્યો છે. એ કઠિન કર્મબંધ ભોગવતા સંગમને કેટલું દુઃખ થશે? અને તેના દુઃખનું કારણ હું બન્યો? હું સર્વદા સર્વની મુક્તિનું કારણ મહાવીર!

ભ. મહાવીરનો જીવનસંદેશ:

સહન કરો, શુદ્ધ બનો, સંપૂર્ણ બનો

ભગવાન શ્રી મહાવીરના જીવનમાં જે એક લોક ધ્યાન ખેંચે એવી બીના છે તે એ છે કે તેમણે માત્ર સહન નથી કર્યું પણ પ્રસન્નતાથી સહન કર્યું છે. સહન તો આપણે સૌ કરીએ છીએ, પણ સામનો કરતાં કરતાં, હારીને અને આખરે સહન કરીએ છીએ. ભગવાને પરિસ્થિતિનો સામનો નથી કર્યો. જીવનના કુદરતી ક્રમમાં, નૈસર્ગિક બંધનમાં જે કંઈ આવ્યું તેનો શાંત સ્વીકાર કર્યો છે. સામનો કરવો એટલે કર્મના ગણિતને ન સમજવું તે છે. પ્રસન્નતાથી સ્વીકાર કરવો તે કુદરતની યોજનામાં સાથ આપવો તે છે.

ભગવાન શ્રી મહાવીરે આપણને સમજાવ્યું કે સહન કરવાથી શુદ્ધિ મળે છે. ગમે તેવું દુઃખ હોય પણ દુઃખ

નથી, જે સદા તેની વિશુદ્ધ એકલતામાં વીંટળાયેલું, નિર્લેપપણે અલિપ્ત રહે છે.

ભગવાન મહાવીરે કહ્યું: ચાલો, જીવન જેવું છે તેવું, તેનો શાંત સ્વીકાર કરીએ. સુખ–દુઃખને સહીએ; ભૂખ, તરસ, ટાઢ–તડકો, આક્રોશ, વધ–આ બધું જે કાંઈ જીવનના કુદરતી ક્રમમાં આવે તેનો હસતાં હસતાં સ્વીકાર કરીએ અને કશો સામનો કે ફરિયાદ ન કરીએ.

ભગવાને આ સિદ્ધાંત ઉપદેશતાં પહેલાં બાર બાર વર્ષ તેનો સાક્ષાત્કાર કર્યો. તેઓ ધ્યાનમાં ગોદોહાસને બેસતા અને કોઈક આવીને તેમને ધક્કો મારીને ગબડાવી દેતા. કોઈક ચોરો તેમના ખભા પર ચડીને નાચતા. કોઇક તેમને પાડોશી રાજ્યના જાસૂસ માનીને ખજૂરની સોટીથી ફટકારતા. તો કોઇક ગોવાળિયા વળી લોખંડની રાશ ફટકાવતા. કોઇક કોઇક તો તેઓ ધ્યાનસ્થ ઊભા હોય ત્યારે બે પગ વચ્ચે ચૂલો સળગાવી તે પર તપેલી ચઢાવતા. છ છ મહિના તેમને ભિક્ષા ન મળી. જીવન જે કંઇ આવી પરિસ્થિતિ લાવ્યું, ભગવાને પ્રસન્નતાથી તેનો સ્વીકાર કર્યો–સામનો જરાય ન કર્યો.

કારણ ભગવાન શ્રીમહાવીર આપણને શીખવવા માગતા હતા કે દુઃખનું પણ મૂલ્ય છે. દુઃખ શાંતિ અને સમજપૂર્વક સહન કરશો તો જ શુદ્ધિ થશે, સાફસૂફી થશે; તો જ પરિપૂર્ણ બનશો.

ભગવાન શ્રી મહાવીરની બાર બાર વર્ષની ઘોર સાધના શીખવે છે કે સહન કરો, શુદ્ધ બનો, સંપૂર્ણ બનો.

મહાવીર: પૂર્ણતાનું પ્રતીક

પ્રતીક: પ્રેરણા: પુરુષાર્થ

પુરુષાર્થના પ્રગટન માટે પ્રેરણા જરૂરી છે. પ્રેરણાના પ્રગટન માટે પ્રતીક-આદર્શ જરૂરી છે. પૂર્ણતાનું પ્રતીક અરિહંતદેવ છે. પ્રતીક, પ્રેરણા ને પુરુષાર્થ એ માત્ર મનુષ્યનો જ એકમાત્ર વિશિષ્ટ અધિકાર છે.

પૂર્ણતાનું પ્રતીક અરિહંતદેવ છે, જ્યાં સર્વ સદ્ગુણો પૂર્ણપણે પ્રગટ્યા છે, જ્યાં સર્વ દુર્ગુણો લય પામ્યા છે, જ્યાં કષાયોના આત્યંતિક ક્ષયથી પૂર્ણ સમભાવ પ્રગટ્યો છે અને સર્વ જીવો પ્રત્યે પૂર્ણ માતૃહૃદય પ્રગટ્યું છે. સૌન્દર્ય અપૂર્ણતામાં નથી, જીવનની ધન્યતા અપૂર્ણપણામાં નથી. આપણે સૌ પૂર્ણ બનીએ—ત્યાં સ્વત્વની સામગ્રી બાજુઓ અધ્યાસ છે.

ભ. મહાવીરનો પરમાણુવાદ

ભ. મહાવીરનો પરમાણુવાદ શાસ્ત્રોના સત્ય તરફ લઈ જાય છે તે દર્શાવતું દૃષ્ટાંત:

રાજા દીર્ઘબાહુ ગામબહાર ફરવા નીકળ્યા હતા. સાથે તેમના મહામંત્રી અને અન્ય પરિવાર હતો.

ગામની બહાર ઊંડી ખાઈ હતી અને ખાઈમાં ગંદું પાણી સડતું હતું. એ પાણી એટલું બધું દુર્ગંધ ફેલાવતું હતું કે રાજાએ તુરત જ નાક ઉપર ઉત્તરીય વસ્ત્ર ઢાંક્યું. રાજાનું અનુકરણ સૌએ કર્યું. માત્ર મહામંત્રી શાંત અને સ્વસ્થ હતા. આ દુર્ગંધી પાણી પ્રત્યે માત્ર તેમને એકલાને જ સૂગ નહોતી.

રાજાની મનોદશા જોઈને સૌ કોઈ બોલ્યા, 'ખરે જ અહીંના લોકો આવા ગંદા પાણી પાસે કેમ રહી શકતાં હશે? માથું ફાટી જાય તેવી દુર્ગંધ આવે છે.'

બધા જ ગંદા પાણીની બેફામ નિંદા કરવા માંડયા. જાણે કે તે પાણીએ દુર્ગંધ ફેલાવી તેમના જીવનને અસહ્ય ત્રાસમાં ફેરવી નાખ્યું હતું; જાણે કે તે ગંભીર ગુનેગાર હતું.

રાજાના એક ખુશામતિયાએ મહામંત્રી સુબુદ્ધિને ટકોર કરી, 'કેમ મંત્રી મહોદય, તમે મૌન છો? આ પાણીની દુર્ગંધ અને માલિન્ય તમારા નાક સુધી નથી પહોંચ્યું લાગતું? કે તમારું નાક બુઠું છે?' સૌ ખડખડાટ હસી પડયા. એ ઘેરું નગ્ન હાસ્ય જાણે કે જીવનના ગંભીર ઉમદા તત્ત્વ સામે હતું. છાકટાઈ બીજું કરી પણ શું શકે?

રાજા દીર્ઘબાહુનું ધ્યાન મંત્રી તરફ ખેંચાયું. મંત્રીએ શા માટે નાક આડું વસ્ત્ર નથી રાખ્યું? શું મારાથી તે વધારે શાણામાં ખપવા માગે છે? રાજાએ કડકાઈથી પૂછ્યું: 'સુબુદ્ધિ, તને આ ગુલાબનું અત્તર બહુ ગમતું લાગે છે! થોડુંક શીશીમાં ભરી લે! કપડાં ઉપર રોજ છાંટજે.' સૌ ખુશામતિયા હસી હસીને બેવડ વળી ગયા. એક ખુશામતિયો બોલ્યો: 'જૈન ધર્મમાં ગંદા પાણીને ગંદું ન કહેવાનું લખ્યું છે. અરે, આ તો સ્વાદિષ્ટ પીણું છે. ઘટેઘટા પીજો મંત્રીશ્વર.' રાજા પણ કરડાઈથી ખંધું હસ્યો. રાજાના આ ખંધા હાસ્યનો શો અર્થ હોઈ શકે તે સુબુદ્ધિ સમજતો હતો. તે એ પણ સમજતો હતો કે અત્યારે જવાબ આપવાનો કશો અર્થ નથી. યોગ્ય સમયે યોગ્ય જવાબ આપવાનું તેણે નક્કી કર્યું.

મહામંત્રી સુબુદ્ધિએ ઘરે આવીને નક્કી કર્યું કે એ ખાઈના ગંદા પાણીને જ રાજા અને ખુશામતિયાઓ ઘટેઘટા પીને લહેજત માણે તેવું બનાવવું. સુબુદ્ધિ મંત્રી જૈન હતો. તે જાણતો હતો કે પ્રત્યેક પદાર્થ તે પરમાણુની વિશિષ્ટ રચના છે. આ ગંદું પાણી પણ માત્ર પરમાણુની એક ચોક્કસ પ્રકારની

ાનાં બેફામ વખાણ કરવા માંડયાં.

રાજાની મનોદશા જોઇને ખુશામતિયાઓ બોલ્યાઃ 'અદ્ભુત ! અદ્ભુત છે આ પીણું ! શું સુગંધ છે! શું સ્વાદ છે! ., આ કયાંથી આવ્યું ? કોણ લાવ્યું આ પીણું ? એને અહીં ૪ર કરો. અમે ખૂબ ખુશ છીએ.' સૌ કલબલાટ કરતા હતા. માત્ર ી સુબુદ્ધિ શાંત અને સ્વસ્થ હતા. રાજાની કરડી નજર અને ધું હાસ્ય સુબુદ્ધિ તરફ વળ્યું. 'કેમ મંત્રીશ્વર ! તમારું પેટ તો ઈ બહુ ઊંડું લાગે છે. તમે મૌન કેમ છો ? શું આ સ્વાદિષ્ટ ણું તમને ગંદી ખાઈના પાણી જેવું લાગે છે કે તેનાં વખાણ ી કરતા ? સુબુદ્ધિ ! જીવનમાં આટલી બધી તટસ્થ ગંભીરતા ાત્ર અક્કડ અજ્ઞાનીઓ જ રાખે.'

સુબુદ્ધિ બોલ્યો: 'મહારાજા ! અવિનય માટે માફ કરજો ! ણ હું કરું પણ શું ? ગામબહારના ગંદા પાણીને હું નિંદું ું ? અને આ રત્નજડિત પ્યાલામાં રહેલ લહેજતદાર પીણાને હું ખાણું શું ? કારણ તે બેઉ એક જ છે. પરમાણુઓ બદલાયા ાથી, માત્ર તે પરમાણુઓની અવસ્થા બદલાઈ છે. અશુભ વર્ણ-ંધ-રસ-સ્પર્શના પર્યાયનું શુભમાં પર્યવસાન થયું છે. મહારાજ, જૈન ધર્મ કહે છે કે વસ્તુનો વિનાશ નથી, માત્ર વસ્તુનું રૂપાંતર છે. પછી હર્ષ-શોક શો ? પર્યાય બદલાય છે, દ્રવ્ય નિત્ય છે.'

જમણવારમાં કોલાહલ થઈ ગયો. રાજાએ કહ્યું: 'તું શું ણકે છે ? તારું મગજ તો ઠેકાણે છે ને ?'

'જી, મહારાજ ! હું જે કહું છું તે હકીકત છે, અને મંત્રીએ ગંદા પાણીના શુદ્ધિકરણનો ઇતિહાસ કહ્યો. ચૂર્ણ અને વાસુકી દ્રવ્યોથી થયેલ રૂપાંતર કહ્યું.

રાજાએ કહ્યું: 'આ કેવો ચમત્કાર! જે પાણી નાકને અસહ્ય ત્રાસરૂપ હતું, તે આ જ હોઠને રીઝવે છે, હૃદયને જીતે છે. શું આ શક્ય છે સુબુદ્ધિ ?' સુબુદ્ધિએ નમીને કહ્યું:

'જી મહારાજ, આ શક્ય છે. જૈન તત્ત્વજ્ઞાનને જાણનાર માટે કશું જ અશક્ય નથી! કારણ પદાર્થ માત્રનું આંતરિક રહસ્ય સર્વ બાજુથી તે જાણે છે. પુદ્ગલના અનંત ખેલને આ પાર અને પેલી પાર વધાવવાની સર્વ વ્યાપક દૃષ્ટિ તેની પાસે છે. અમારે મન રોગિષ્ઠ જર્જરિત ડોશી તે ડોશી નથી અને મનોહર રૂપયૌવના તે રૂપયૌવના યે નથી! છે માત્ર પરમાણુઓનો ઢગલો! તે નિરંતર રચના બદલે છે. અમારે જૈનને મન રંગમહેલો અને હાથી-ઘોડા પણ પરમાણુની રચના છે. પુદ્ગલનો એક પર્યાય છે, અને ફાટેલ ચીંથરું અને ભાંગેલ ઠીકરું પણ પરમાણુઓની એક વિશિષ્ટ રચના જ છે. પુદ્ગલનો એક પર્યાય છે. સંસાર–નાટક એટલે પરમાણુઓની રૂપાંતર કથા. પેલી ખાઈનું પાણી ગંદું નહોતું, માત્ર તે દ્રવ્યના વર્ણગંધાદિ પર્યાય અશુભ હતા. શુભ કે અશુભ પર્યાય હતા. આખરે પર્યાય એટલે પરિવર્તનશીલ અવસ્થા; ત્યાં રૂપાંતર છે જ. પાણીદ્રવ્ય નિત્ય છે. મેં માત્ર અશુભ પર્યાયને શુભમાં પલટાવ્યા છે.

'મહારાજાધિરાજ! આથી જ હું મૌન હતો. શાંત અને સ્વસ્થ હતો. જે કોઇ દ્રવ્ય–ગુણપર્યાયનું તત્ત્વજ્ઞાન જાણે છે તે ભ અને અશુભમાં મૂંઝાતો નથી. ને આકર્ષક–અનાકર્ષક ભેદ ને મન નથી. સુંદર અને અસુંદરના સાપેક્ષ અર્થ તે તારવી કે છે. પરિણામે તેના વિચારચક્ષુનું નૂર તેજસ્વી રહે છે. તે ૌન રાખે છે. શાંત, સ્વસ્થ અને પ્રસન્ન રહે છે.'

રાજા સુબુદ્ધિ મંત્રીની વાત સાંભળી વિચારમાં પડી યો. જીવનમાં પહેલી વાર તે કદાચ આટલા ઊંડા વિચારમાં પડી યો હતો. રાજાની મનોદશા જોઇને તેનો ખુશામતિયો પરિવાર ણ માથે હાથ ટેકવીને ચિંતનશીલ બનવા પ્રયત્ન કરતો હતો. મરેખર જૈન તત્ત્વજ્ઞાન એટલે અંતરનું તોતિંગ દ્વાર ખોલવાની ચાવી, જેથી જીવનનું અતળ ઊંડાણ પ્રગટે અને શાશ્વત ત્યોને ઝીલી શકાય.

ભ. મહાવીરે જેઓને ધર્મલાભ કહેવરાવ્યા તે પરમશ્રાવિકા

સુલસા

ભગવાન મહાવીરે સુલસાને ધર્મલાભ મોકલ્યા હતા, એ હકીકત તો બહુ જાહેર છે. સુલસાની એવી કઈ લાયકાત હતી કે ભગવાન મહાવીરે આટલા બધામાં તેને જ ખાસ પસંદ કરીને ધર્મલાભ મોકલાવ્યો? શું સુલસા કોઈ નજીકની સગી હતી? શું નારી પ્રત્યે મહાવીરને વિશેષ પક્ષપાત હતો? અથવા તો વહેવારમાં કુશળ એવો કોઈ બાહ્યાચાર હતો? અથવા તો માનસશાસ્ત્રના નિયમ પ્રમાણે સામી વ્યક્તિને અગત્ય આપી શું કબજે કરવાની કોઈ રીત હતી? શા માટે ભગવાન મહાવીરે સુલસાને ધર્મલાભ મોકલાવ્યા?

ભગવાન મહાવીર વીતરાગતાની ટોચ ઉપર પહોંચ્યા હતા તેથી સ્ત્રી તો તેમને મન પરમાણુનો જથ્થો હતો. સ્ત્રી શું કે પુરુષ શું, ભગવાનને મન અનંત સંસાર નાટકના ચિત્ર વિચિત્ર વેશપલટા હતા. તેમને મન નામરૂપના પૂતળા પાછળ રહેલું એકમાત્ર અનામી અરૂપી તત્ત્વ જ ધ્યાન લેવા યોગ્ય હતું. છતાં સુલસા શા માટે તેમના હૃદયમાં વિશિષ્ટ સ્થાન પામી?

બત્રીસ બત્રીસ લક્ષપાક તેલના કુંભો ઢોળાયા છતાં અચળ ધૈર્યથી ભરેલી સુલસા ભગવાન મહાવીરની વિશિષ્ટ પાત્ર બને તે સ્વાભાવિક છે, છતાં તે સિવાય બીજાં કારણો નહિ હોય?

ઈશુ ખ્રિસ્તના જીવનમાં માર્થાનું એક વિશિષ્ટ સ્થાન હ બુદ્ધના જીવનમાં સુજાતાએ પણ પોતાનું અનોખું સ્થાન જમ લીધું. ભગવાન મહાવીરના જીવનમાં રેવતી અને સુલસાનું અત્યંત અગત્યનું મહત્ત્વ હતું. ભગવાન મહાવીર રાગદ્વેષ પર હતા. બહારથી મળતાં ભક્તિ કે પ્રીતિની તેમને કંઈ જ નહોતી. આત્માના અખૂટ એકાંતમાં ખોવાયેલા હતા માન હૃદયની કોઈ નગળાઈનો તૂટ્યો-ફૂટ્યો અંશ પણ તેમનામાં હો એ સર્વથા અશક્ય છે.

પણ એ ભુલાવું ન જોઈએ કે નારીહૃદયનું માહાત્મ્ય અપાર છે. પુરુષમાં બળ છે, સ્ત્રીમાં સુકુમારતા છે. પુરુષ લોખંડી બખ્તર પહેરી ભાલા ફેંકી શકે છે, પર્વતો ઉપર ચઢી શકે છે, સમુદ્રમાં ઊંડા પેસી શકે છે, ઝાડનાં થડ ઉખાડી શકે છે અને રણભેરી ફૂંકી શકે છે. સ્ત્રી કુમળાં સ્વપ્નોથી ભરેલી છે. વન કુંજમાં ફૂલ વીણી શકે છે, નાના બાળકને ખોળામાં લઈ ચૂમી શકે છે. પ્રેમ અને ભક્તિની આવી અનેક સામાન્ય પ્રવૃત્તિ તેનું

ગૌરવ અપરંપાર બનાવે છે. શ્રદ્ધા અને ભક્તિથી તેનું હૃદય જ્યાં આપે છે ત્યાં તે પછી અટકતી નથી. તેના આરાધ્ય તત્ત્વને તે એકધારું એટલું બધું આપી દે છે કે લેનારના બે હાથ થંભી જાય છે. તેનું સર્વસ્વ લૂંટાવી દે છે અને આખરે શ્રદ્ધા-ભક્તિના આધારસ્થાને આભાર માનતી, માથું નમાવી ઢળી પડે છે. તે ઊંચું જોતી નથી, કારણ કંઈ પણ મેળવવાની તેની ઇચ્છા નથી. તેની ભક્તિ અને પ્રેમ આપી આપીને જીતવાનું બળ મેળવે છે. નારીહૃદયની આ ગૌરવકથાનો સ્વીકાર શું કદાચ ભગવાન મહાવીરે આ ધર્મલાભ મોકલીને કર્યો હતો?

વીતરાગની સર્વોચ્ચ ટોચે પહોંચેલ ભગવાન મહાવીરના નારી પ્રત્યેના દૃષ્ટિબિંદુનો આપણી બુદ્ધિ સાથે મેળ મેળવવો તે સંધ્યાના સોનેરી રંગોને કોલસાથી ચીતરવા બરાબર છે.

અહીં તો માત્ર અનુમાન છે. એક માત્ર નારી-હૃદયમાં જે સ્વાર્થ અને બલિદાનની ઉત્કૃષ્ટ ભાવના છે તેને સમ્રાટ કે સેનાપતિનું ઝવેરાત કે તલવાર ખરીદી શકે તેમ નથી. નિર્મળ ચેતનતત્ત્વ જ્યાં પૂર્ણપણે વિલસે છે, ત્યાં તે નારીહૃદય, શ્રદ્ધા અને ભક્તિથી ઢળી પડે છે. તેની શ્રદ્ધાને કોઈ અંત નથી અને ભક્તિને કોઈ રૂંધી શકતું નથી. પરમ વીરત્વની ચાહક તે નારીશક્તિનું સમર્પણ એટલા તો ઉમદા ભાવોથી ભરેલું હોય છે કે એકવાર ગગન જેવું નિર્બંધ તત્ત્વ પણ આનંદથી બોલી ઊઠે છે કે 'હે નારી! તને ધન્ય છે.' ભગવાન મહાવીરે મોકલેલ સુલસાને ધર્મલાભ પાછળ આવું જ કંઈક હોય એ સંભવ છે. આ તો માત્ર સંભવની વાત છે; તત્ત્વ તો કેવળી ગમ્ય છે.

ભ. મહાવીરે જેના સામાયિકની મુક્ત પ્રશંસા કરી તે પુણિયો શ્રાવક

રાજગૃહીના પાંચ ગોળાકાર પહાડો વચ્ચેના સપાટ મેદાન પર જ્યારે મારી દૃષ્ટિ ગઈ, ત્યારે મારું હૃદય પુણિયા શ્રાવક પ્રત્યે ઢળી ગયું. આ જ મેદાનના કોઈ એકાદ ઘરમાં, બે-પાંચ રૂની પૂણી વેચીને તે પાછો ફરતો હશે, પોતે ઉપવાસ કરીને પણ અતિથિને જમાડતો હશે, અને પછી સામાયિક કરવા બેસતો હશે! સમભાવમાં સ્થિત તેનો પ્રસન્ન આત્મા એક એવી નિરૂપાધિક દશામાં વર્તતો કે ભગવાન મહાવીર, સ્વયં-મુખે તેના એ સામાયિકની પ્રશંસા કરતા! આ કયું સામાયિક હતું? શું આપણે પણ કટાસણા પર બેસતા નથી? શું આપણે પણ મુહપત્તિ ને ચરવળો લઈને બેસતા નથી? શું આપણે પણ ઘડિયાળ સામે તાકીને અડતાલીસ (૪૮) મિનિટ પસાર

માત્ર અડતાલીસ મિનિટ જેટલા ટુંકા પટ પર બેસેલ એ તેજોમય કાંતિવાળી કુશ કાયા! જાણે કે રાજગૃહીના પહાડે-પહાડમાં એની સમભાવની આરાધનાના પડઘા સંભળાય છે. કેટલીક વાર ગુરુને ભૂલીને તેમના શિષ્ય પર વધુ માન થાય છે. કારણ શિષ્ય ગુરુથી સવાયો હોય છે. ત્રણે લોક નજર સમક્ષ હોવા છતાંય પુણિયા શ્રાવકનું સામાયિક ભગવાને આટલું બધું પસંદ કેમ કર્યું"?

સામાયિક કરતી વખતે આજે જ્યારે આપણુને મુહપત્તિ હાથમાં લેતાં મિલોના કાપડના ભાવ યાદ આવે છે, અને 'કરેમિ ભંતે' બોલતાં જ્યારે આપણુને નાટકનો જોરદાર સંવાદ યાદ આવે છે, લોગસ્સનો કાઉસગ્ગ કરતાં જ્યારે આપણુને પત્તાં રમતાં કરેલ ગઇ રાતનો ઉજાગરો યાદ આવે છે, ત્યારે આપણી આવી ચંચળ મનોદશામાં ભગવાન મહાવીરના એ અડગ સેનાની પુણિયા શ્રાવકને આંખ સામે રાખીશું તો જરૂર સમભાવ તરફ વળવાની પ્રેરણા આપણુને મળશે.

ભ. મહાવીર અને [illegible]

રો [illegible] બહાર ગુજરાતિ જૈનત્વને ભગવાન મહા [illegible] સમાજો સ્વતંત્ર [illegible] અને [illegible] છે

[illegible] ઉપાસકને [illegible] ઉપરાંત [illegible] અમારી લિપિ અને ... આપણી [illegible] શકે ?

[illegible] સમાચાર આપણો [illegible] સમાચાર આપ [illegible] સમાચાર

[illegible] સંબંધ છે. તે [illegible] પણ સંબંધ છે. પણ [illegible] અને [illegible] છે.

[illegible] લાભ, લીધાં, પીધાં વ [illegible]

[illegible] સૌ પ્રકારનો [illegible] અને [illegible] જગત [illegible]

આવું તેજ પરમાત્મા પાસે આવ્યું ક્યાંથી? જ્યારે આજની આપણી પ્રજાને નીરખીએ તો આપણી ઉકરડાના કોલસા પણ દેખાતા નથી. કોહિનૂરનું નૂર તો શું પણ ગોળમટોળ શીશા પથ્થરનો ચળકાટ પણ દેખાતો નથી. આજના નવયુવાનના મુખ પર ગ્લાનિ, ક્લાંત અને ખિન્નતા છે. કાયની કાલિમાના ડાઘ છે. ઈન્દ્રિયલોલુપતાની લાચારી છે. હતાશ જીવનની પ્રત્યેક નિર્માલ્ય ક્રિયા અને ક્ષુદ્ર વિચારો તેના ચહેરા પર પરાજયની, નાલેશીની મહોર મારી જાય છે. કાચની કાંતિ દેખાતી નથી તો પદ્મરાગ મણિના નૂરની વાત તો શી કરવી? આ સમયે પ્રભુની એ અપ્રતિમ કોટિ કોટિ સૂર્ય-ચંદ્રોને પણ ઝાંખી પાડે તેવી મુખકાંતિરૂપ ભામંડલ સહજ યાદ આવે છે અને પ્રશ્ન થાય છે કે આવી અપાર જ્યોતિ મુખ પર કેમ આવે?

પ્રભુના એ મુખતેજનું રહસ્ય છે. તેમનું અર્થશાસ્ત્રી તરીકેનું પરિપૂર્ણ નિષ્ણાતપણું. નિસર્ગનું આ મહાશાસન (Cosmic Government) બિલકુલ દુર્વ્યય સહન કરતું નથી પરમાત્મા એ જ વિરાટ પ્રકૃતિના રાજ્યતંત્રના વડા પ્રધાન છે. સતત ત્રણ જન્મથી સમય, સાધન અને શક્તિના એકાદ કણનો પણ વ્યય તેમણે કર્યો નથી; ઇન્દ્રિય કષાયના વિલાસી વર્તુળમાં એકાદ ક્ષણ પણ પગ મૂક્યો નથી. તેમની સમગ્રતા (Spiral progress) સતત ઊર્ધ્વગતિશીલ છે

By minimum effort maximum result is a true economy.

આપણે તેથી વિરુદ્ધ વર્તન કરીએ છીએ. ભગવાન મહાન અર્થશાસ્ત્રી હતા. ઓછામાં ઓછે પ્રયત્ને વિપુલ પરિણામ તેમણે પ્રગટાવ્યું હતું. પ્રકૃતિ Economical Expert-એક સર્વ નિષ્ણાત અર્થશાસ્ત્રી છે. જેઓ કોઈ પણ જાતનો

થોડો પણ દુર્વ્યય કરે છે તેનો રૂપિયા–આના–પાઈ સાથે જવાબ માગી દંડ કરે છે. વિલાસી દેવોનો વિશાળ સમૂહ જેમણે ઉપસ્થિત સામગ્રીઓનો દુર્વ્યય કર્યો હોય તેઓ સીધા એકેંદ્રિય, વિકલેન્દ્રિયમાં આવી જ જન્મે છે. એઠું ન મૂકવું ત્યાંથી માંડી બ્રહ્મચર્યપાલન સુધીનાં વ્રતોનો આશય એ છે કે પ્રકૃતિનું ગર્ભિત દુર્વ્યય સહન કરતું નથી.

ભગવાનના સત્બ્રહ્મચર્યના પ્રબળ વેગે જ તેમના અનંતવીર્યનું ઊર્ધ્વીકરણ (Sublimation) થયું. વીર્ય ઓજસમાં ફેરવાયું અને એ ઓજસ પ્રકાશના પુંજસમા ભામંડલરૂપે પ્રગટ્યું.

આજ આપણે જરૂર છે તે એવા ઓજસની. ઘઉં પીસી લોટ તૈયાર કરીએ. લોટને મસળી સગડી પર ચડાવી રોટી બનાવીએ. રોટી પચાવી જઠરમાં એકત્ર કરીએ. તેમાંથી લોહી અને વીર્ય બને. વીર્યમાંથી બનેલ ઓજસ મુખના નૂરમાં પ્રગટાય. આ ક્રિયા ઘઉંમાંથી ઓજસ બનાવવાની છે. આપણે જે વાંચીએ છીએ તેનાથી વધુ ચિંતન, મનન, અધ્યયન, જાપ અને ધ્યાન, અનુક્રમે ધ્યાનમાંથી લય સુધી પહોંચીએ, આમ વિભિન્ન પ્રયત્નો દ્વારા આત્મઓજસ પ્રગટાવી શકાય. આમ ક્ષણ પણ પ્રમાદ વિના આત્માનું અચિંત્ય ઓજસ પ્રગટાવીએ તે જ પરમાત્માના ભામંડલની સાચી પૂજા લેખાય.

પ્રકાશ એ વિશ્વનો ઝડપી પદાર્થ છે. તે ક્યાંય જકડાતો નથી. માખી શ્લેષ્મમાં લપટાય તેમ આપણે તો લપટાઈ ગયા છીએ, પણ પ્રકાશને કોઈ બાંધી શકતું નથી. ક્યાંય સ્થગિત થઈ કોહ્વાતો નથી, સડતો નથી. પ્રભુનું ભામંડલ પણ એ જ કહે છે, 'તમે સૌ જ્યોતિર્મય છો, પ્રકાશનું વર્તુળ છો. આથી જ ક્યાંય લપેટાતા નહિ.' Freedom and deliverence-સ્વતં-

ત્રતા અને મુક્તિ જો શીખવી હોય તો ચોતરફ પ્રસરતા આ સોનેરી તેજવર્તુળ સામે જુઓ, જે પ્રભુના મુખ પાછળ સંક્રાંત થયું છે. પ્રકાશ એ જ જીવન છે, એ જ મુક્તિ, પ્રાણની સ્વતંત્રતા અને સમૃદ્ધ વૈભવ છે.

આઇન્સ્ટાઇને Neutron, Proton પર પ્રયોગ કરી ઉચ્ચ ગણિતના સમીકરણ વડે Laboratory માં પુરવાર કર્યું કે જો પદાર્થ પ્રકાશની ઝડપ મેળવે તો કાલાતીત બની જાય. તે પદાર્થ કે પાત્ર પર કાળની કોઈ Effect ન થાય. પ્રભુના મુખ પર પ્રકાશની ઝડપ છે તે ભામંડલ બતાવે છે. તેમના કેશ, નખ વધતા નથી, તે જ સૂચવે છે તેમની કાલાતીત સ્થિતિ.

પરમાત્માનું ભામંડલ જોતાં જ થાય છે કે પ્રકાશની આ નવી દુનિયામાં યાત્રા કરીએ. આ દુનિયા જ્ઞાન, આનંદ અને પ્રેમની છે. આથી જ ત્યાં સદાય પ્રકાશ સર્જાય છે. આ ભામંડલમાં જ જ્ઞાનાદિનાં મૂળભૂત એકમોનું મિલન પ્રતીત થાય છે.

આજ ભૌતિકવાદને જ માત્ર પોષતી દુનિયા devine love and happiness, જે જીવનનાં પરમ વિશુદ્ધ તત્ત્વો છે તેનાથી વિખૂટી પડી ગઈ છે. ભામંડલ પ્રકાશની દુનિયાનું પ્રતીક છે, જેના પુણ્યદર્શનથી ઓજસભરી આત્મપ્રકાશની અમર દુનિયામાં આપોઆપ શ્રદ્ધા (Faith) જાગે છે. આ ભામંડલ સાથે આંખ મિલાવતાં જ આપોઆપ ગ્રંથિભેદની ક્રિયા કેટલાય ભવ્ય પ્રાણીઓમાં થઇ ચૂકે છે.

ચક્રવર્તી અને ઇંદ્રો વિચરે છે, ત્યારે તેમનામાં ભવ્ય રૂઆબ અને ખુમારી હોય છે. તેમનું લશ્કર, પોશાક, પરિવાર ઇત્યાદિમાં ભવ્યતા પથરાયેલી હોય છે, જે તેમના મોભાને અનુરૂપ હોય છે. પણ તીર્થંકરો તો અસંખ્ય ચક્રવર્તી કે ઇંદ્રોથીયે ખૂબ ઊંચે છે. એ છે પૂર્ણમાનવ! લોકોત્તર વૈભવ, સૌંદર્ય

રાધિરેવ

અને સત્તાનો અવિભાજ્ય મહામેરુ! આવા મહામાનવના અદ્ભુત યોગસામ્રાજ્યને કેમ પ્રકાશમાં લાવવું એ મૂંઝવણ કદાચ પ્રકૃતિને થઈ હશે? પણ એનો ઉકેલ ભામંડલમાં છે. તીર્થંકરોનું ભામંડલ જ અપ્રતિમ આત્મઓજસ અને સર્વોત્કૃષ્ટ આત્મવીર્યના પ્રગટીકરણનું પ્રતીક છે, કે જે તેમના શ્રેષ્ઠ પદને વ્યક્ત કરે છે.

આ ભામંડલ તરફ દૃષ્ટિપાત કરતાં જ લાગે છે કે અખિલ વિશ્વનો શ્રેષ્ઠ પુરુષ અને મહામાનવ આ જ છે. અરિહંત પદનું શાંત ગૌરવ, પૂર્ણ માનવના યોગસામ્રાજ્યનો અચિંત્ય પ્રભાવ, આ માત્ર ભામંડલ જોતાં જ મુમુક્ષુને જણાઈ આવે છે.

આ મહામાનવ જ કર્મસત્તાને તોડનાર, તેને બાળીને ભસ્મીભૂત કરનાર અને અખિલ વિશ્વનો અનુપમ અને ઓજસ્વી પુરુષ છે, તે વાત ભામંડલ અનાયાસે સિદ્ધ કરે છે. રોજ ધ્યાન-ચક્ષુથી તે ભામંડલનાં તેજકિરણોમાં સ્નાન કરનાર પરમાત્માનું ઓજસ તેનામાં ઉતારે છે.

દેવાધિદેવ મહાવીરનું સિંહાસન

અરિહંત ભગવાનના બાર ગુણો પરના સતત ચિંતન મનન ને અધ્યયન દ્વારા જ તેમના પ્રત્યેનો આપણો પ્રેમ વૈજ્ઞાનિક (Scientific) બનશે; માત્ર લાગણીનો ઊભરો (Sentimental attachment) બહુ મદદનો નથી. તેને સ્થાયી સ્વરૂપ મળવું જોઈએ. અરિહંત પ્રત્યેની ભક્તિનો જો ગુણાકાર કરવો હોય તેમના બાર ગુણો પ્રત્યે ઊંડી અનુપ્રેક્ષા જોઈએ. પ્રભુની લોકોત્તરતા એટલે કે પૂર્ણ માનવપણું (Perfect man) અષ્ટપ્રતિહાર્ય રજૂ કરે છે. વીતરાગ પરમાત્મા નિસર્ગના મહાશાસનના વડા પ્રધાન છે. (He is a Prime minister of Cosmic Government.)

જેમ મયૂરાસન ઉપર બેસવું તે એક મોગલ શહેન-

શાહનું મુખ્યપણું સૂચવે છે તેમ પ્રભુનું સિંહાસન પર બેસવું એ તો સૂચક છે – વડા પ્રધાનપદનું દુન્યવી ભૌતિક રાજતંત્રોની ઉપર જેમ એક સર્વોપરી સરકાર છે. જે રાજ્યતંત્ર આ સાર્વભૌમ સત્તાની વિરુદ્ધ જાય છે તે રાજ્યતંત્ર ઊથલી પડે છે, છૂંદાઈ જાય છે. એકમાત્ર કલ્યાણ છે નિસર્ગના મહાશાસનને વફાદાર રહેવામાં. તે જ સર્વોપરી, સર્વસત્તાધીશ છે. આ અનુશાસનનો અમલ વધુ સક્રિય બનાવવા માટે જ ભૌતિક રાજ્યતંત્રો ઊભાં થયાં છે. નિસર્ગના એ મહાશાસન (Cosmic Government)ની ઉપર કોઈ જ નથી. તેનો પ્રગટ પ્રભાવ પ્રત્યેક જીવરાશિના જીવનતંત્ર પર છે. તેની વિરુદ્ધ જનાર ભયાનક સજાને પાત્ર બને છે.

પ્રકૃતિનું આ વિરાટ રાજ્યતંત્ર સ્વયંનિર્મિત કાયદાઓ પર ચાલે છે, ગતિનાત્મક યંત્ર (Automatic machine)ની જેમ ચાલે છે. આ મહાશાસનને તેનું બંધારણ છે. તેના સિદ્ધાંતો પર જ આ વિશ્વતંત્ર ચાલી રહ્યું છે. તેની કલમો અવિરત કાર્ય કરી રહી છે. આ બંધારણને સક્રિય બનાવે છે; Cabinet તેની અગત્યની કલમ છે. જીવત્વના બહુમાનની, અરિહંત જેવું જીવત્વનું બહુમાન કોઈમાં નથી. લોકકલ્યાણની તીવ્ર ભાવના ક્ષણ પણ તેમનાથી અળગી પડતી નથી. નિગોદ-માંથી સમગ્ર લોકનું ઉત્થાન સિદ્ધશિલા તરફ થાય એ એમનું જન્મોજન્મનું વેદના માધુર્ય સતત લોકહિત કરી રહ્યું છે. જે સૌથી આજ્ઞાંકિત છે તેને જ શ્રેષ્ઠ શાસક બનવાનો અધિકાર છે. He commands best, who obeys best. એ સૂત્ર અનુસાર નિસર્ગની મહાસત્તા શ્રી અરિહંત દેવને વડા પ્રધાનપદ આપે છે.

પ્રધાનપદનું પ્રતીક સિંહાસન છે. તેથી જ તેને



ઉંઝા ફાર્મસી - ઉંઝા

ભુલેશ્વર, મુંબઇ ૨. બેલનગંજ, આગ્રા ૪.

ઇતવારા રોડ, નાગપુર ૨.



દરેક જગ્યાએ દવાવાળાને ત્યાં મળશે.

With Best Compliments from

Hotel Kings International



5, Juhu Tara Road,
opp. : Juhu Church
BOMBAY 54.

Phone : 578716
578717
576923

to

V. K. Foundation

From

a

Well

Wisher

P. M. S.